Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પુસ્તક
૯૮

# શ્રી આત્માનંદ પ્રકાશ

માહે નવેમ્બર - ૨૦૦૦ થી માહે ઓક્ટોબર - ૨૦૦૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

# SHREE ATMANAND PRAKASH




Vol-1 * Issue-1

November-December-2000

કારતક-માગશર

નવેમ્બર-ડિસેમ્બર-૨૦૦૦

આત્મ સંવત : ૧૦૫

વીર સંવત : ૨૫૨૭

વિક્રમ સંવત : ૨૦૫૭

પુસ્તક : ૯૮


सत्योपासि-महावीरा युध्यन्तेऽन्तर्द्विषा सह।
उत्कर्षं च लभन्ते तद्‌विजेतारो महत्तमम्॥

*

સત્યના ઉપાસક મોટા વીરો પોતાના આન્તર શત્રુઓ સાથે લડે છે અને એમાં વિજયી બની મહત્તમ ઉત્કર્ષને પ્રાપ્ત કરે છે. ૧૩

*

The great heroes devoted to truth, fight against their internal enemies and obtain the highest exaltation by the victory over them. 13

*(કલ્યાણભારતી ચેપ્ટર-૪ : ગાથા-૧૩, પૃષ્ઠ ૫૭)*

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

તંત્રી : શ્રી પ્રમોદકાંત ખીમચંદ શાહ

## અનુક્રમણિકા



| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
| --- | --- | --- | --- |
| (૧) | પ્રાર્થના | | ૧ |
| (૨) | નૂતન વર્ષના મંગલ પ્રભાતે | પ્રમોદકાંત ખીમચંદ શાહ | ૨ |
| (૩) | જિન દર્શન | મહેન્દ્ર પુનાતર | ૫ |
| (૪) | શ્રી જૈન આત્માનંદ સભાના પ્રાપ્ય ગ્રંથો | | ૮ |
| (૫) | મહોપાધ્યાય શ્રી વિનયવિજયજી મ.સા. | હિંમતલાલ અનોપચંદ મોતીવાળા | ૧૦ |
| (૬) | હિમાલયની પત્ર યાત્રા | મુનિશ્રી જંબૂવિજયજી મ. | ૧૫ |
| (૭) | હૃદયતીર્થ | | ૨૦ |
| (૮) | પોષ દશમીની આરાધના અને તેનું ફળ | દિવ્યકાંત એમ. સલોત | ૨૨ |



### આ સભાના નવા પેટ્રન મેમ્બરશ્રી

શ્રી મહેન્દ્રભાઈ સુધાકર શાહ (ભાવના અન્ટરપ્રાઈઝ) ભાવનગર

ડૉ. શ્રી રમેશકુમાર રતિલાલ શાહ—ભાવનગર

શ્રી જીતેન્દ્રભાઈ સુધાકરભાઈ શાહ (યુનિવર્સલ ટેક્ષટાઈલ) ભાવનગર

શ્રી રાજેનકુમાર રસીકલાલ શાહ (ચુનાભઠ્ઠી) મુંબઈ-૨૨

### આ સભાના નવા આજીવન સભ્યશ્રી

શ્રીમતી નિર્મળાબેન એચ. કાપડિયા—મુંબઈ—૨૬

રૂા. ૧૦,૦૦૦=૦૦ શ્રી જૈન શ્વે. મૂ. પૂ. સંઘ—સાયન—મુંબઈ—૨૨ તરફથી જ્ઞાન આવક ખાતે

રૂા. ૫,૦૦૦=૦૦ શ્રી કે. એન. શાહ ચેરીટેબલ ટ્રસ્ટ—મુબઈ તરફથી પુસ્તક પ્રકાશન ખાતે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ટ્રસ્ટ રજી. નં. એફ-૩૭ ભાવનગર

**શ્રી જૈન આત્માનંદ સભા**

ભાવનગરનું મુખપત્ર

**શ્રી આત્માનંદ પ્રકાશ**

તંત્રી : પ્રમોદકાંત ખીમચંદ શાહ

ફોન : ઓ. ૫૧૬૬૦૭ ઘર : ૫૬૩૬૪૫

**: માલિક તથા પ્રકાશન સ્થળ :**

શ્રી જૈન આત્માનંદ સભા

ખારગેઈટ, ખોડિયાર હોટલ સામે,

ખાંચામાં, ભાવનગર-૩૬૪૦૦૧

*

સભા પેટ્રન મેમ્બર ફી રૂા. ૧૦૦૧=૦૦

સભા આજીવન સભ્ય ફી રૂા. ૫૦૧=૦૦

*

**શ્રી આત્માનંદ પ્રકાશ વાર્ષિક જાહેરાત દર :**

આખું પેઈજ રૂા. ૩૦૦૦=૦૦

અર્ધુ પેઈજ રૂા. ૧૫૦૦=૦૦

શૈક્ષણિક ઉત્તેજન, જ્ઞાન ખાતુ, સભા નિભાવ ફંડ, યાત્રા પ્રવાસ આદિમાં વ્યાજું ફંડ માટે ડોનેશન સ્વીકારવામાં આવે છે.

: ચેક ડ્રાફટ :

શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગરના નામનો લખવો.

**સભાના હોદ્દેદારશ્રીઓ :**

(૧) પ્રમોદકાંત ખીમચંદ શાહ—પ્રમુખ
(૨) દિવ્યકાંત એમ. સલોત—ઉપપ્રમુખ
(૩) હિંમતલાલ એ. મોતીવાળા—મંત્રી
(૪) ચીમનલાલ વર્ધમાન શાહ—મંત્રી
(૫) ભાસ્કરરાય વી. વકીલ—મંત્રી
(૬) હસમુખરાય જે. હારીજવાળા—ખજાનચી

# પ્રભુને પ્રાર્થના

સુખ મેળવવા સારી જિંદગી
હું સળગંતો સંસારે;
દિલનો દીપ બૂઝાવી
દઈને ભટકંતો અંધારે.

જાણું છું કે મહાદુર્લભ છે,
માનવનો અવતાર;
સમજીને વિસારું હું
પુણ્ય તણી પગથાર.

ભવ સાગરમાં ડૂબતાં કેઈ
તરી ગયાં તુજ નામે;
પાપી થાતાં પલકવારમાં,
પુણ્યશાળી તુજ ધામે.

જ્યોતિર્ધર કે જિનવર તારી,
જોડ જડે નહિ જગમાં;
માગું છું કે તારા નામની
રઢ લાગે રગરગમાં.

દર્શન—તારું પામી શકું છું
હું દૃષ્ટિ એવી દેજે;
સહુનો મિત્ર બનું સૃષ્ટિમાં,
શક્તિ એવી દેજે.

નથી કરવું નામ મારે,
નથી જોઈતી નામના;
એટલું આપજે કે,
ભાવું તારી ભાવના.

સોહામણું છે શાસન તારું,
પતિત પાવનકારી;
તુજ નામે સહુ શાતા પામે,
જન મન મંગલકારી.

*પ્રેષક : લક્ષ્મીચંદ ભીખાલાલ (ધાનેરાવાળા)*
*ગોરગામ--મુંબઈ*

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# નૂતન વર્ષના મંગલ પ્રભાતે

**—શ્રી પ્રમોદકાંત ખીમચંદ શાહ**

''શ્રી આત્માનંદ પ્રકાશ'' માસિક ૯૭ વર્ષ પૂરા કરી ૯૮માં વર્ષમાં પ્રવેશ કરે છે તથા શ્રી જૈન આત્માનંદ સભા એકસો ચાર વર્ષ પુરા કરી એકસો પાંચમાં વર્ષમાં પ્રવેશ કરે છે. જે આપણા સર્વને માટે આનંદ અને ગૌરવની વાત છે.

''શ્રી આત્માનંદ પ્રકાશ'' આત્મજ્ઞાનની સુગંધ ફેલાવતું અને સદ્‌વિચાર અર્થે જ્ઞાન પ્રગટાવતું આ માસિક સારી પ્રગતિ કરી રહ્યું છે.

અમો આ માસિકમાં વિદ્વાન પૂ. ગુરુ-ભગવંતોના લેખો, જૈન ધર્મના તત્ત્વજ્ઞાનના લેખો, વિદ્વાન લેખક—લેખિકાઓ તેમ જ પ્રાધ્યાપકો તરફથી આવેલા લેખો, સ્તવનો, પ્રાર્થના ગીતો, જૈન સાહિત્ય અને ઈતિહાસના લેખો, ભક્તિ-ભાવના લેખો, તથા ભાવનગરમાં ચાતુર્માસ પધારેલા પ.પૂ. ગુરુભગવંતોની શુભ નિશ્રામાં ઉજવાયેલ ધાર્મિક અનુષ્ઠાનો—આરાધનાઓ—ધાર્મિક મહોત્સવો વિગેરેની માહિતી સમયાનુસાર પ્રગટ કરીએ છીએ.

શ્રી જૈન આત્માનંદ સભા દ્વારા થતી અન્ય પ્રવૃત્તિઓ તરફ જરા એક નજર કરીએ.

શ્રી જૈન આત્માનંદ સભા જૈન સાહિત્ય તેમજ ભારતીય સમગ્ર દાર્શનીક સાહિત્યના પ્રકાશન ક્ષેત્રે આગવું સ્થાન ધરાવે છે. આગમ સંશોધક પ.પૂ. વિદ્વાન મુનિશ્રી જંબૂવિજયજી મહારાજ સાહેબે અથાગ પરિશ્રમ ઉઠાવીને સંશોધન કરેલ અને સંપાદિત કરેલ ''શ્રી દ્વાદશારં નયચક્રમ''ના ત્રણ ભાગોનું આપણી સભાએ પ્રકાશન કરેલ છે. જેની દેશ—પરદેશ જેવા કે જાપાન, જર્મની, ઓસ્ટ્રેયા, અમેરિકા વિગેરે દેશોમાં સારી માંગ છે. તેના પહેલા ભાગનું (પુનઃમુદ્રણ) પણ સંવત ૨૦૫૪ની સાલમાં કરવામાં આવેલ હતું.

આપણી સભાએ સભાના સ્થાપનાના ૧૦૧માં વર્ષમાં પ્રવેશ વખતે પ.પૂ. આચાર્યદેવશ્રી વિજયપ્રભસૂરિશ્વરજી મ.સા.ની પ્રેરણાથી 'શ્રી તીર્થંકરચરિત્ર' (સચિત્ર)નું પ્રકાશન કરેલ છે.

આ સભા પોતાની માલિકીના વિશાળ મકાનમાં જાહેર ફ્રી વાંચનાલય ચલાવે છે. જેમાં સ્થાનિક ભાવનગર, રાજકોટ, અમદાવાદ તેમ જ મુંબઈના દૈનિક વર્તમાન પત્રો, વ્યાપારને લગતાં અઠવાડિકો તથા જૈન ધર્મના બહાર પડતા વિવિધ અઠવાડિકો, માસિકો વાંચન અર્થે મુકવામાં આવે છે. જેનો જૈન—જૈનેત્તર ભાઈઓ બહોળા પ્રમાણમાં લાભ લઈ રહ્યાં છે.

આ સભા સારી લાઇબ્રેરી પણ ચલાવે છે. જેમાં પ્રતો, જૈન ધર્મના અમૂલ્ય પુસ્તકો, સંસ્કૃત, પ્રાકૃત ભાષાના પુસ્તકો, વ્યાકરણના પુસ્તકો, અંગ્રેજી, ગુજરાતી, હિન્દી પુસ્તકો તેમ જ નોવેલોનો સમાવેશ થાય છે. આ પુસ્તકોમાં પ.પૂ. ગુરુ ભગવંતો તથા સાધ્વીજી ભગવંતો પણ ચાતુર્માસ દરમ્યાન જ્ઞાનાભ્યાસ તેમજ વ્યાખ્યાન સમયે પ્રવચનાર્થે સારા પ્રમાણમાં ઉપયોગ કરે છે. જૈન તેમ જ જૈનત્તર ભાઈ—બહેનો પણ સારા પ્રમાણમાં આ લાઈબ્રેરીનો ઉપયોગ કરી રહ્યા છે.

**ધાર્મિક પ્રવૃત્તિઓ :—**(૧) સંવત ૨૦૫૬ના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પોષ સુદ ૩ ને રવિવાર તા. ૯-૧-૨૦૦૦ના રોજ ઘોઘા શ્રી નવખંડા પાર્શ્વનાથ, કદમ્બગિરિ—શ્રી સહસ્ત્રફણા પાર્શ્વનાથ, શેત્રુંજી ડેમ, પાલીતાણા—જય તલાટી તથા કીર્તિધામ—પીપરલા શ્રી સીમંધરસ્વામી તીર્થનો યાત્રાપ્રવાસ ગોઠવવામાં આવ્યો હતો. આ યાત્રાપ્રવાસમાં ડોનરશ્રીઓ, સભ્યશ્રીઓ તથા મહેમાનો સારી એવી સંખ્યામાં જોડાયા હતા. આ યાત્રાપ્રવાસ અનેરા ભક્તિ-ભાવપૂર્વક આનંદ અને ઉલ્લાસ સહ પરિપૂર્ણ થયો હતો.

(૨) સંવત ૨૦૫૬ના ફાગણ વદ ૧૩ને રવિવાર તા.૨-૪-૨૦૦૦ના રોજ ધોલેરા, કલિકુંડ (ધોળકા), તગડી, અયોધ્યાપૂરમ તથા વલ્લભીપુર તીર્થનો યાત્રાપ્રવાસ યોજવામાં આવ્યો હતો. આ યાત્રાપ્રવાસમાં ડોનરશ્રીઓ, સભ્યશ્રીઓ તથા મહેમાનો સારી એવી સંખ્યામાં જોડાયા હતા. યાત્રામાં ગુરુભક્તિ તથા સ્વામીભક્તિ કરવામાં આવી હતી તેમ જ યાત્રાપ્રવાસ અનેરા ભક્તિભાવપૂર્વક અને ઉલ્લાસ સહ પરિપૂર્ણ થયો હતો.

**સભા વિકાસના પંથે :** કોઈપણ સંસ્થા માટે તેના વિકાસ અને નિભાવ માટે સમય જતાં નાણાકીય જરૂરિયાતો ઉભી થતી હોય છે. તેમાં વળી આપણી ''શ્રી જૈન આત્માનંદ સભા'' જેવી એકસો વર્ષ વટાવી ચૂકેલી સંસ્થાને વધુ વિકસાવવી, તેને નિભાવવી અને તેને ગુજરાત—સૌરાષ્ટ્રમાં જૈન ધર્મના પ્રચાર—પ્રસાર અને કેળવણીના ઉત્તેજન ક્ષેત્રે પણ મૂલ્યવાન પ્રદાન કરી અગ્રીમ હરોળમાં અડીખમ રીતે ટકાવી રાખવી એ એક ભગીરથ કાર્ય છે.

આ ઉમદા ધ્યેયને લક્ષમાં રાખી કારોબારી સમિતિએ સભાના મુંબઇ ખાતે વસતા આપણી સભાના માનનીય પેટ્રન સાહેબો તથા શુભેચ્છકોને આ માટે ડોનેશન—ફંડ એકત્રિત કરવા સભા તરફથી ખાસ અંગત પત્રો કે જેમાં સભાના ભવ્ય અતિતથી લઈ વર્તમાન તેમ જ ભાવિ યોજનાઓ બાબત લખેલા જેના પ્રત્યુત્તર-રૂપે મુંબઈવાસીઓએ ઘણોજ પ્રતીતિજનક અને સારો પ્રતિભાવ આપ્યો હતો.

આ સાનુકૂળ પ્રત્યુત્તરોથી ખૂબજ પ્રભાવિત થઈ આપણી સભા તરફથી પ્રમુખશ્રી પ્રમોદકાંતભાઈ ખીમચંદભાઈ શાહ, માનદ્-મંત્રીશ્રી ભાસ્કરરાય વૃજલાલ વકીલ, કારોબારી સમિતિના સભ્ય શ્રી મનહરલાલ કેશવલાલ મહેતા અને સભાના મેનેજરશ્રી મુકેશકુમાર અમૃતલાલ સરવૈયા એમ ચાર મહાનુભાવો જુન માસમાં મુંબઈ ખાતે ડોનેશન એકત્ર કરવા પોતાના સ્વ ખર્ચે ગયેલા અને તેઓશ્રીએ દસ—બાર દિવસના રોકાણમાં આ ભગીરથ કાર્યની કામગીરી બજાવી રૂા. ૨,૩૬,૦૦૦--અંકે રૂા. બે લાખ છત્રીસ હજાર પૂરા રોકડા, ડ્રાફ્ટ, ચેકો દ્વારા તથા રૂા. ૨,૧૧,૦૦૦ના આશાસ્પદ પ્રોમીસ દ્વારા ભેટરૂપે મેળવી આપેલ છે. મુંબઈના સખી દાતાશ્રીઓએ પણ ખૂબ જ ઉદારતાપૂર્વક આ સભાને પોતાની જ અંગત ગણી ઉમળકાભેર સાથ—સહકાર આપેલ હતો.

**અન્ય પ્રવૃત્તિઓ :—**(૧) સંવત ૨૦૫૬ના કારતક સુદ પાંચમના રોજ સભાના વિશાળ લાઈબ્રેરી હોલમાં સુંદર અને કલાત્મક જ્ઞાનની ગોઠવણી કરવામાં આવી હતી. સવારના છ વાગ્યાથી રાત્રીના નવ વાગ્યા દરમ્યાન અનેક સાધુ—સાધ્વીજી ભગવંતો, સકળ શ્રીસંઘના શ્રાવક—શ્રાવિકા ભાઈ—બહેનો તથા નાના—નાના બાલક—બાલિકાઓએ હોંશપૂર્વક જ્ઞાનની ગોઠવણી નિહાળવા પૂર્વક દર્શન-વંદન અને જ્ઞાનપૂજનનો અમૂલ્ય લ્હાવો લીધો હતો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૨) તા. ૧૪-૮-૨૦૦૦ ને સોમવારના રોજ સાંજના ૬-૦૦ કલાકે શ્રી જૈન આત્માનંદ સભા તથા ગાંધી મહેન્દ્ર ચત્રભુજ એજ્યુકેશનલ ટ્રસ્ટ—મુંબઈના સહયોગથી સ્કોલરશીપ એનાયત સમારંભનું આયોજન કરવામાં આવેલ. આ સુઅવસરે કોલેજમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થી ભાઈ--બહેનોને સ્કોલરશીપની રકમનું વિતરણ કરવામા આવેલ. આ શુભ પ્રસંગે ગાંધી મહેન્દ્ર ચત્રભુજ એજ્યુકેશન ટ્રસ્ટ--મુંબઈના ટ્રસ્ટીવર્યશ્રી રજનીકાંતભાઈ એલ. ગાંધી મુંબઈથી ખાસ પધાર્યા હતા.

(૩) તારીખ ૧-૧૦-૨૦૦૦ ને રવિવારના રોજ ન્યુ એસ.એસ.સી.માં સંસ્કૃત વિષયમાં ૮૦ ટકાથી વધુ ગુણાંક પ્રાપ્ત કરનારા જૈન સમાજના તેજસ્વી તારલાઓનું કલાત્મક મોમેન્ટો. રૂા. ૨૦૦=૦૦ સુધીના રોકડ ઈનામો, બે—બે ધાર્મિક કેસેટોના સેટ તથા અભિનંદન પ્રમાણ-પત્ર દ્વારા સૌરાષ્ટ્ર ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી શશીભાઈ વાધર, જાણીતા ઉદ્યોગપતિઓશ્રી રમેશભાઈ વિ. શાહ તથા શ્રી નિશીથભાઈ પી. મહેતાના વરદ્‌હસ્તે બહુમાન કરવામાં આવ્યું હતું.




શ્રી આત્માનંદ સભા
દ્વારા પ્રકાશિત
"શ્રી આત્માનંદ પ્રકાશ"
રૂપી
જ્ઞાન દિપક
સદા
તેજોમય રહે
તેવી
હાર્દિક
શુભેચ્છાઓ....

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# જિન દર્શન

*મહેન્દ્ર પુનાતર*

***માણસ જેવો છે તેવો દેખાતો નથી : બહારથી સધાય છે ધર્મ અને અંદર રહી જાય છે અધર્મ.***

કામના—ઈચ્છા એ સર્વે પાપોનું મૂળ છે. કોઈને ધનની, કોઇને પદની, કોઇને પ્રતિષ્ઠાની—યશની કામના હોય છે. હકીકતમાં ઈચ્છાઓ કદી પૂર્ણ થતી નથી. એક ઇચ્છા પૂર્ણ કરો ત્યાં બીજી ઈચ્છા ઊભી થાય છે. જિંદગીભર દોટ ચાલુ રહે છે. પણ ઈચ્છાનો અંત આવતો નથી. ઇચ્છા સીમિત રહેતી નથી. તેનો વ્યાપ વિસ્તરતો જાય છે. વાસના અને ઈચ્છાને કારણે બધા દુઃખો છે.

સુખના મહેલો ઉભા કરવા માટે આપણે સૌ દોડી રહ્યા છીએ પરંતુ આ પત્તાના મહેલો લાંબા સમય સુધી ટકતા નથી. આપણે સૌ મૂર્છા, બેહોશી અને તંદ્રામાં પડેલા છીએ. આપણે જે કાંઈ કરી રહ્યા છીએ એ અજાગૃત અવસ્થામાં કરી રહ્યા છીએ, આપણે ખાઈએ છીએ, પીએ છીએ, ઊઠીએ, બેસીએ છીએ એ બધામાં આપણે મૂર્ચ્છિત છીએ. જે કાર્ય કરતા હોઈએ તે સિવાયની અનેક બાબતોમાં મન ભટકતું હોય છે. બધું યંત્રવત ચાલી રહ્યું છે. પ્રેમ, ઘૃણા, દોસ્તી, દુશ્મની, ક્રોધ, પ્રાયશ્ચિત આ બધું ઊંઘમાં—બેહોશીમાં બની રહ્યું છે. આ બધું ઉપર છલ્લું હોય છે, તેમાં પ્રાણ હોતા નથી. ભય આવે ત્યારે આપણે ઘડીભર જાગૃત થઈએ છીએ અને પાછા સોડ તાણીને સૂઈ જઈએ છીએ. બેહોશી એ મોટું બંધન છે. આ મૂર્ચ્છિત અવસ્થામાંથી આપણે જ્યાં સુધી જાગૃત નહીં બનીએ ત્યાં સુધી આંતરિક ક્રાંતિ ઘટિત થવાની નથી. ભગવાન મહાવીરે કહ્યું છે, 'પ્રમાદ ન કરો'. એનો અર્થ છે પ્રતિક્ષણ જાગૃત રહો. ભગવાને કહ્યું છે, 'વિવેકથી ચાલો' એટલે સમજણપૂર્વક સભાનતા કેળવીને ચાલો. વૃક્ષ જેટલું અંદર જાય છે તેટલું બહાર ઊંચું આવે છે. આપણે પણ જેટલાં અંદર ઊતરીશું તેટલાં બહાર મજબૂત થઈને બહાર નીકળશું. આંતરિક ચેતના અને જાગૃતિ વગર આત્મા પર વિજય મેળવી શકાય નહીં.

મનુષ્યે ધર્મના માર્ગને અનુસરીને જીવનને વધુ સમૃદ્ધ બનાવવાની જરૂર છે. માત્ર ક્રિયાકાંડ એ ધર્મ નથી. ધર્મ અંદર ઊતરવો જોઈએ. હકીકતમાં તો મનુષ્યે અધર્મ છોડી દેવાની જરૂર છે. અધર્મ છૂટી જશે તો ધર્મ એની મેળે આવી જશે. વિચારથી બોધથી અધર્મ છૂટી જાય છે. પરંતુ આપણે એમાંથી કશું શીખતા નથી. આપણે આંખો બંધ કરી દીધી છે. આપણે જે કરતાં આવ્યા છીએ તે કરતા રહીએ છીએ. આપણે સૌ બહારથી સાધીએ છીએ ધર્મ અને અંદર અધર્મ રહી જાય છે. મનુષ્ય જેવો છે તેવો દેખાતો નથી. બહાર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અહિંસા અંદર હિંસા, બહાર અચોરી અંદર ચોરી, બહાર અપરિગ્રહ અંદર પરિગ્રહ. માણસે પોતાના અંતરને વધુ સ્વચ્છ અને વિકસીત કરવાની જરૂર છે. વિચારમાંથી આચાર પ્રગટે તેના કરતાં આચારમાંથી વિચાર ઊગી નીકળે તેની સુગંધ અનોખી હોય છે. અનૈતિક જગતમાં નૈતિક બનવું એ માણસની મોટી—કપરી પરીક્ષા છે. અહિંસા, સંયમ અને તપ દ્વારા માણસ ક્રોધ, લોભ, મોહ, માયા, અહંકાર અને આસક્તિ પર વિજય મેળવીને આત્મિક વિકાસ સાધી શકે છે.

★ પરિગ્રહ એટલે આપણી પાસે કેટલી વસ્તુઓ છે એ નહીં પરંતુ એ વસ્તુથી આપણે કેટલાં બંધાયેલા છીએ, તેનાથી કેટલા આસક્ત છીએ એ વસ્તુ પર તેનો આધાર છે. પરિગ્રહ એટલે મમત્વ. કોઈપણ ચીજને પોતાની બનાવવી. બીજા અર્થમાં કહીએ તો પરિગ્રહ એટલે માલિકીભાવ. માણસ માત્ર ચીજવસ્તુઓનો માલિક હોય એવું નથી. કોઈના પર આધિપત્ય રાખવું, વર્ચસ્વ જમાવવું એ પણ માલિકીભાવ છે. જે માણસ પોતાનો માલિક નથી એ બીજાનો માલિક બનવાનો પ્રયાસ કરશે. સ્વયં પર જેનું સામ્રાજ્ય છે તેને બીજા કોઈના માલિક બનવાની જરૂર નથી. પરિગ્રહ, તૃષ્ણા અને લોભના કારણે માણસ અંદરથી ખાલી છે. એટલે આ ખાલીપાને ભરવાનો પ્રયાસ કરે છે. માણસ જો અંદરથી તૃપ્ત હોય, ભરેલો હોય, તો તેને બહારની કોઈ ચીજ ભરી શકતી નથી. માણસ ધન—દોલત, પદ અને પ્રતિષ્ઠા વડે પોતાને ભરી રહ્યો છે. માણસ જેટલો ખાલી છે તેટલું તેને ભરવાની જરૂર છે. બહારની ચીજોથી માણસ કદી ભરાઈ શકે નહિ. જેટલું ભરતાં જાવ તેટલું ઓછું લાગે. વધુ અબળખા ઊભી થાય. ઇચ્છા અને એષણાઓ નવા વાઘા સર્જીને નવા સ્વરૂપે ઊભી થતી રહે. માણસ અંદરથી વહેવા માંડે, પ્રેમના ઝરણાઓ અંદરથી જ ફૂટે તો માણસ છલોછલ ભરાઈ જાય. પછી તેને કોઈ વસ્તુની જરૂરત રહે નહિ. માણસની પાસે જ્યારે પૈસા ઓછા હોય છે ત્યારે જીવન પાસે હોય છે અને શક્તિ પણ હોય છે. પૈસા વધતા જાય છે તેમ જીવન દૂર થતું જાય છે અને શક્તિઓ ક્ષીણ બનતી જાય છે. ઓછું હોય ત્યારે છૂટી શકે છે. વધુ હોય ત્યારે પકડ વધુ મજબૂત બનતી જાય છે. જિંદગીના આરે ઊભેલો માણસ વધુ પરિગ્રહી બની જાય છે. ધન—દોલત, પદ અને પ્રતિષ્ઠાને તે વધુ જોરથી પકડી રાખે છે.

પરિગ્રહની પક્કડ જ્યારે વધુ મજબૂત બને છે ત્યારે તે ચોરીનું સ્વરૂપ ધારણ કરે છે. વધુ મેળવવાની, વધુ પ્રાપ્ત કરવાની ભાવના ખોટું કરવા પ્રેરે છે અને તેમાંથી ચોરીનો જન્મ થાય છે. ચોરી અને દાન એકચીજના બે છેડા છે. માણસ પ્રથમ ગમે તે રીતે અને ગમે તે માર્ગે ધન એકઠું કરે છે, અપરિગ્રહ કરે છે અને પછી તે પાપના પ્રાયશ્ચિતરૂપે દાન કરે છે. વસ્તુઓની જે ચોરી ઊભી થાય છે તે ગરીબીના કારણે ઊભી થાય છે. દુનિયામાં મબલખ વસ્તુઓ ઊભી થાય, દરેક ને દરેક ચીજ મળી રહે તો પણ ચોરી અટકવાની નથી, કારણ કે જે ચીજ આપણી નથી તેને આપણી માનવી એ પણ એક ચોરી છે. મારું છે એવી ભાવના જ્યાં સુધી રહેશે ત્યાં સુધી ચોરી

(અનુસંધાન પાનું ૧૯)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જન ઉપદેશ

હે મનુષ્ય તું રાત્રે સૂવાને તૈયાર થા ! પણ જ્યાં સુધી તે આખા દિવસમાં કરેલા કાર્યની તું અંતઃકરણથી તપાસ ન કરી જાય ત્યાં સુધી નિંદ્રા-ઉંઘને વશ થતો નહિ. તારા મન સાથે આ પ્રમાણે વિચાર કર કે મારી ક્યાં ભૂલ થઈ છે ! મેં શું શું કાર્ય આજે કર્યું છે ? મારે કરવા લાયક કયું કામ મેં નથી કર્યું; જો આ રીતે તપાસ કરતાં (અંતઃકરણ સાથે બારીક તપાસ કરતાં) તને એમ લાગે કે કોઈ અયોગ્ય કાર્ય આજે તારા હાથે થવા પામ્યું છે તો તે વાસ્તે તારી જાતને સખ્ત ઠપકો આપજે; જો તેં કાંઈપણ શુભ કાર્ય કર્યું હોય તો તેથી હૃદયમાં આનંદ માનજે.

**SHASHI INDUSTRIES**

SELARSHA ROAD, BHAVNAGAR-364001

PHONE : (O) 428254-430539

Rajaji Nagar, BALGALORE-560010

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી જૈન આત્માનંદ સભાના પ્રાપ્ય ગ્રંથો

**દરેક લાઈબ્રેરી, જ્ઞાનભંડારો તથા ઘરમાં વસાવવા જેવા અલભ્ય ગ્રંથો.**

**શ્રી સભા દ્વારા પ્રસિદ્ધ થયેલ પુસ્તકો તથા જૈન પ્રતોનું વેચાણ ચાલુ છે.**

**રૂા. ૨૦૦થી વધારે કિંમતના પુસ્તક ખરીદ કરનારને ૧૦ટકા કમીશન બાદ આપવામાં આવશે.**

(પોસ્ટેજ તથા આંગડીયા ચાર્જની રકમ અલગ આપવાની રહેશે.)

## સંસ્કૃત ગ્રંથો

| | | |
|---|---|---|
| ૧. | ત્રિશષ્ઠી શલાકા પુરૂષ ચરિતમ્ મહાકાવ્યમ્ પર્વ ૨-૩-૪ પુસ્તકાકારે | ૫૦-૦૦ |
| ૨. | ત્રિશષ્ઠી શલાકા પુરૂષ ચરિતમ્ મહાકાવ્ય પર્વ—૨-૩-૪ પ્રતાકારે | ૫૦-૦૦ |
| ૩. | દ્વાદ્શારં નયચક્રમ ભાગ-૧લો | ૫૦૦-૦૦ |
| ૪. | દ્વાદ્શારં નયચક્રમ ભાગ-૨ જો | ૩૫૦-૦૦ |
| ૫. | દ્વાદ્શારં નયચક્રમ ભાગ-૩જો | ૩૫૦-૦૦ |
| ૬. | સ્ત્રી નિર્વાણ કેવળી ભુક્તિ પ્રકરણ | ૨૫-૦૦ |
| ૭. | જિનદત્ત અખ્યાન | ૧૫-૦૦ |
| ૮. | સાધુ--સાધ્વી આવશ્યક ક્રિયા સૂત્ર પ્રતાકારે | ૨૦-૦૦ |
| ૯. | કુમાર વિહાર શતક પ્રતાકારે | ૨૦-૦૦ |
| ૧૦. | પ્રાકૃત વ્યાકરણ | ૫૦-૦૦ |
| ૧૧. | શ્રી આત્મક્રાંતિ પ્રકાશ | ૫-૦૦ |
| ૧૨. | શ્રી નવસ્મરણાદિ સ્તોત્ર સંદોહ | ૭-૦૦ |

## ગુજરાતી ગ્રંથો

| | | |
|---|---|---|
| ૧૩. | જાણ્યું અને જોયું | ૧૦-૦૦ |
| ૧૪. | સુપાર્શ્વનાથ ચરિત્ર ભાગ-૨જો | ૨૦-૦૦ |
| ૧૫. | શ્રી કથારત્નકોષ ભાગ--૧લો | ૩૦-૦૦ |
| ૧૬. | શ્રી જ્ઞાનપ્રદિપ ભાગ ૧-૨-૩ સાથે (લે. સ્વ. પૂ. આ. શ્રી. કસ્તૂરસૂરિજી મ.સા.) | ૪૦-૦૦ |
| ૧૭. | શ્રી સુમતિનાથ ચરિત્ર ભાગ ૧લો | ૪૦-૦૦ |
| ૧૮. | શ્રી સુમતિનાથ ચરિત્ર ભાગ ૨જો | ૪૦-૦૦ |
| ૧૯. | શ્રી શત્રુંજય ગિરિરાજ દર્શન | ૧૦-૦૦ |
| ૨૦. | વૈરાગ્ય ઝરણા | ૩-૦૦ |
| ૨૧. | ઉપદેશમાળા ભાષાંતર | ૩૦-૦૦ |
| ૨૨. | ધર્મ કૌશલ્ય | ૧૦-૦૦ |
| ૨૩. | નમસ્કાર મહામંત્ર | ૫-૦૦ |
| ૨૪. | પૂ. આ. પ્ર. પુણ્યવિજયજી મ. સા. શ્રદ્ધાંજલિ વિશેષાંક | ૧૦-૦૦ |
| ૨૫. | આત્મવિશુદ્ધિ | ૧૦-૦૦ |
| ૨૬. | જૈન દર્શન મીમાંસા | ૧૦-૦૦ |
| ૨૭. | શત્રુંજય તીર્થનો ૧૫મો ઉદ્ધાર | ૨-૦૦ |
| ૨૮. | આર્હત્ ધર્મપ્રકાશ | ૫-૦૦ |
| ૨૯. | આત્માનંદ ચોવીશી | ૨-૦૦ |
| ૩૦. | બ્રહ્મચર્ય ચારિત્ર પૂજા દિત્રયી સંગ્રહ | ૫-૦૦ |
| ૩૧. | આત્મવલ્લભ પૂજા | ૫-૦૦ |
| ૩૨. | નવપદજીની પૂજા | ૨-૦૦ |
| ૩૩. | ગુરુભક્તિ ગહુંલી સંગ્રહ | ૨-૦૦ |
| ૩૪. | ભક્તિ ભાવના | ૨-૦૦ |
| ૩૫. | જૈન શારદાપૂજન વિધિ | ૫-૦૦ |
| ૩૬. | જંબૂસ્વામી ચારિત્ર | ૧૫-૦૦ |
| ૩૭. | ચાર સાધન (ચિત્રભાનુ) | ૨૦-૦૦ |
| ૩૮. | શ્રી તીર્થંકર ચરિત્ર (સચિત્ર) | ૧૫૦-૦૦ |

*પ્રાપ્તિસ્થાન :*

**શ્રી જૈન આત્માનંદ સભા**

ખારગેઈટ, ખોડીયાર હોટેલ સામે ખાંચામાં, ભાવનગર -- ૩૬૪૦૦૧ (ગુજરાત)

**તા. ક. ડ્રાફટ 'શ્રી જૈન આત્માનંદ સભા' ભાવનગરના નામનો મોકલવો.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## તૃષ્ણાની ગાંડી વેલને વૈરાગ્યની કટારથી કાપી નાખો

યુવાનીમાં વજ્રના જેવી કઠણ કાયા, ઘડપણમાં મીણ જેવી પોચી પડી જાય છે ! સાંધા ખખડી જાય છે અને અંગે અંગ ગળી જાય છે. માથામાં પળિયા આવે છે. મોઢામાં એક પણ દાંત નથી રહેતો. ખોખલું શરીર અને બોખલું મોઢું ! જે પગ એક ઘડી પણ ક્યાંય ટકતાં નહીં એ હવે સાવ અટકી ગયા છે ! ચાલવું હોય તો લાકડીનો ટેકો લેવો પડે છે. બેપગામાંથી ત્રિપગા થઈ જવાયું. હવે ચોપગા પશુ જેવી લાચાર અવસ્થા છે પણ આત્મકલ્યાણનો વિચાર આવે છે? હજુ આશા અને તૃષ્ણા છૂટતી નથી.

એક સુભાષિતકારે મઝાની વાત કરી છે : 'માણસ ઘરડો થાય તો એના દાંત ઘરડાં થઈને પડી જાય છે, એના વાળ પણ પાકીને ધોળા થઈ જાય છે, થાય છે.' યાદ રાખો, ઘડપણમાં બધું જ કમજોર, પણ તૃષ્ણાનું બહુ જોર ! ખરેખર તો મોટી ઉંમરે મનુષ્યે મમતાથી મુક્ત થઈને મોક્ષસાધનામાં મન પરોવવું જોઈએ.

ભગવાન મહાવીર કહ્યાં કરતાં, 'તૃષ્ણાની ગાંડીવેલને વૈરાગ્યની કટારથી કાપી નાખવાનું શીખો.'

---

With Best Compliments from :

**AKRUTI**

**NIRMAN PVT. LTD.**

201, Mukhyadhyapak Bhavan, Road No. 24,
Above Nityanand Hall, SION (W.) MUMBAI-400 022
Tele : 408 17 56 / 408 17 62 (code No. 022)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# મહોપાધ્યાય શ્રી વિનયવિજયજી મહારાજ સાહેબ

**સંકલન : હિંમતલાલ અનોપચંદ મોતીવાળા**

ચરમ તીર્થંકર શ્રી મહાવીરસ્વામી ભગવાનની પાટપરંપરાએ ૫૯મી પાટે આચાર્યદેવશ્રી વિજયસેનસૂરિશ્વરજી મહારાજ; ૬૦મી પાટે આચાર્યદેવશ્રી વિજયદેવ-સૂરિશ્વરજી મહારાજ; ૬૧મી પાટે આચાર્યશ્રી વિજયસિંહસૂરિશ્વરજી મહારાજ; ૬૨મી પાટે આચાર્યશ્રી વિજયસેન-સૂરિશ્વરજી મહારાજ સાહેબના વિદ્વાન શિષ્યરત્નશ્રી કીર્તિવિજયજી મહારાજ સાહેબની વિચક્ષણ દૃષ્ટિમાં એક તેજસ્વી યુવક વસી ગયો. વિનુભાઈ તેમનું નામ, પિતા તેજપાલ અને માતા રાજશ્રીના લાડલા દુલારા તે વિનય વિજયજી મહારાજ સાહેબ.

બચપનથી જ ઉચ્ચ સંસ્કાર પ્રાપ્ત થયા અને ઉપાધ્યાયશ્રી કીર્તિવિજય મ.સા.એ હીરો પારખી લીધો. અને વિનુભાઈમાંથી વિનય વિજયજી મહારાજ બનાવી દીધા. વિનય વિજયજી મ.સા.નું ભાગ્ય એવું જોરદાર હતું તેમાં તેમને બુદ્ધિના બેતાજ બાદશાહ એવા મુનિશ્રી યશોવિજયજી મ.સા. સહપાઠી મળ્યા.

આ બન્ને મહાત્માઓએ પ્રકાંડ પંડિતો પાસેથી જ્ઞાન ઉપાર્જન કર્યું. તેઓશ્રીના ગુરુદેવોએ તેમના અભ્યાસની તેજસ્વીતા જોઈ, શ્રીસંઘના આગેવાનોએ પણ તેજસ્વીતાથી પ્રભાવિત થઈ અને કાશી વિશેષ અભ્યાસ ખાસ કરીને ન્યાય આદિ શાસ્ત્રો ભણવા માટે મોકલવા નિર્ણય કર્યો.

શુભ દિવસે અને શુભ મુહૂર્તે બન્ને મહાત્માઓએ કાશી તરફ વિહાર કર્યો. વિહાર દરમ્યાન અનેક પ્રકારનું જ્ઞાન અને અનુભવ મળતા રહ્યા અને કાશી પહોંચ્યા. પ્રવેશ સમયે ભાગ્યયોગે શુભ શુકન થયા. એક વિશિષ્ટ તથા અત્યંત સૂક્ષ્મતાપૂર્વક અભ્યાસ કરાવે એવા એક બ્રાહ્મણ પંડિત પાસે અભ્યાસ ચાલુ કર્યો. કુશાગ્ર બુદ્ધિથી ટૂંક સમયમાં નાના–મોટા અનેક ગ્રંથોનો અભ્યાસ કર્યો.

આ બન્ને મહાત્માઓને ખ્યાલ આવ્યો કે ભણાવનાર પંડિતજી પાસે ન્યાયનો વિશિષ્ટ કોટીનો ગ્રંથ છે અને તે સ્વગોત્ર પુત્રો સિવાય કોઈને શિખવતા નથી. આ ગ્રંથના અભ્યાસની તાલાવેલી લાગી અને ગુરુ પંડિતને રીઝવી લીધા. યુક્તિ અને પ્રકાંડ અભ્યાસ; એક વખત પંડિતજી તેના પુત્રને તે ન્યાયના ગ્રંથનો અભ્યાસ કરાવી રહ્યા હતા અને અમુક પંક્તિઓ લગાડતા હતા.

આ તકે મુનિશ્રી યશોવિજયજી મ. સા. એ બીજી રીતે પંક્તિ લગાડી બતાવી. મુનિશ્રી યશોવિજયની આ યુક્તિ મુનિશ્રી વિનય-વિજયજી મ. પામી ગયા. ગુરુ પંડિતજીને આ બન્ને મુનિશ્રીઓની જ્ઞાન અને બુદ્ધિની તિવ્રતા જોઈ ખૂબ જ માન ઉપજ્યું. પંડિતજી પોતાના કુળ સિવાય કોઈને નહિ ભણાવવાના મત વાળા હતાં. પરંતુ આ બન્ને તેજસ્વી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તારલાંઓની વિનંતીથી તેમણે મધ્યસ્થ માર્ગ કાઢ્યો. આ વિશિષ્ટ ગ્રંથ ગુરુજી ફક્ત એક વખત વાંચી સંભળાવવા તૈયાર થયા.

શુભ દિવસે અને શુભ મુહૂર્તે વાંચન શરૂ થયું. આ ગ્રંથ ૧૨૦૦ ગાથાનો હતો. સરસ્વતીદેવીની અસીમકૃપાથી મુનિશ્રી યશોવિજયજી મ. સા.એ ૭૦૦ ગાથા અને મુનિશ્રી વિનયવિજયજીએ ૫૦૦ ગાથા એક જ વખતના શ્રવણે કંઠસ્થ કરી લીધી. ૧૨૦૦ ગાથાઓ બંને મુનિશ્રીઓએ સંયુક્ત રીતે મળી લખી અને ગુરુજી પંડિતને બતાવી ત્યારે આ બન્ને મુનિશ્રીઓની પ્રકાંડ યાદશક્તિ ઉપર ગુરુજીને ખૂબ મોટું માન ઉપજયું.

અભ્યાસ પૂર્ણ થતાં આ બન્ને મહાત્માઓ વિહાર કરતાં કરતાં ફરી સ્વસ્થાને પુનઃ પધાર્યા. મુનિશ્રી વિનય વિજયજી મ. સા.ના ખંભાતના ચાતુર્માસ દરમ્યાન બ્રાહ્મણો દ્વારા ખોટા તર્ક અને દલીલોના કારણે વાદ—વિવાદ શરૂ થયો. શ્રાવકોને પણ આ વાદ વિવાદના કારણે રસ તુટવા લાગ્યો. મુનિશ્રી યશો-વિજયજી મ. સા. પણ નજીકના ગામમાં ચાતુર્માસ બિરાજમાન હતા. તેમને આમંત્રણ આપી આ વાદ—વિવાદના સુખદ અંત માટે તેડાવવામાં આવ્યા. બન્ને મુનિશ્રીના સચોટ પ્રત્યુત્તરોના કારણે બ્રાહ્મણો પરાજય થયા અને આ વાદ—વિવાદનો સુખદ અંત આવ્યો.

આ વાદ—વિવાદમાં શરત એ હતી કે આમાં જો મુનિશ્રીઓ હારે તો તેમણે જૈન ધર્મ ત્યાગી અને બ્રાહ્મણ ધર્મ સ્વીકારવો અને ૫૦૦ બ્રાહ્મણો જો પરાજય પામે તો તેમણે દરેક જૈન ધર્મનો અંગીકાર કરવો. પરિણામ એ આવ્યું કે બ્રાહ્મણો પરાજય પામ્યા અને ૫૦૦ બ્રાહ્મણોએ જૈન ધર્મનો અંગીકાર કર્યો.

બન્ને મુનિશ્રી ખંભાત શહેરમાં ચાતુર્માસ બિરાજમાન હતા. ત્યારે એક દિવસ ચાલુ વ્યાખ્યાનમાં એક વૃદ્ધ મહાશય ઉપાશ્રયમાં પધાર્યા. આ વૃદ્ધ મહાશ્રયને જોતા જ બન્ને મુનિશ્રીઓ પાટ ઉપરથી નીચે ઉતરી વિનયપૂર્વક હાથ જોડી આ વૃદ્ધ મહાશયને આવકાર્યા. સમસ્ત પર્ષદાને અચરજ થઈ કે આ પ્રખર વિદ્વાન ગુરુ ભગવંતો ચાલુ વ્યાખ્યાને સામાન્ય દેખાતા આ વૃદ્ધ મહાશયને સત્કારવા ઉભા થયા! કોણ હશે આ વૃદ્ધ મહાશય? ગુરુ ભગવંતો પુનઃ પાટ ઉપર બિરાજમાન થઈ ખુલાસો કરતા જણાવ્યું કે આ વૃદ્ધ મહાશય કાશીથી પધાર્યા છે અને અમારા વિદ્યાગુરુ છે, અમોએ તેમની પાસે અભ્યાસ કર્યો છે.

શ્રી સંઘને પણ કાશીથી પધારેલ આ ગુરુ પ્રત્યે ખૂબ બહુમાન થયું. બન્ને મુનિશ્રીની સદ્પ્રેરણાથી શ્રીસંઘ દ્વારા રૂા. ૭૦,૦૦૦-૦૦ સીતેર હજારનું ભંડોળ એકઠું કરી ગુરુજીને ગુરુ દક્ષિણારૂપે અદા કરવામાં આવ્યું.

૧. પ. પૂ. મહોપાધ્યાયશ્રી વિનય-વિજયજી મ. સા. એ કલ્પસૂત્ર સુબોધિકા ટીકા ગ્રંથની રચના કરી. ૬૫૮૦ શ્લોક પ્રમાણરૂપ આ ગ્રંથની રચના થઈ. આ પ્રથમ ગ્રંથ સં. ૧૬૯૬ જેઠ સુદ-૨ ગુરુવારના રોજ પુષ્ય-નક્ષત્રમાં સફળતાપૂર્વક પૂર્ણ થયો. પૂર્વે કલ્પસૂત્ર ઉપર પૂર્વ પુરુષોએ અનેક ટીકાઓ રચી છે પરંતુ સામાન્ય માણસોને પણ પૂરેપૂરી રીતે સમજાય તેવી રીતે દાખલા—દલીલો સહ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ ગ્રંથની રચના કરવામાં આવતા આજે પણ આ ગ્રંથનું અધ્યાપન થાય છે.

**૨. લોકપ્રકાશ ગ્રંથ :** લોકપ્રકાશ ગ્રંથ એટલે મહોપાધ્યાયજી ભગવંતની આગમની જ્ઞાન—યાદશક્તિ અને તર્ક વિચારણાની પરાકાષ્ટાએ પહોંચેલી 'બુદ્ધિ પ્રકાશ' આ ગ્રંથ ચાર વિભાગમાં રચાયો છે. ૧. દ્રવ્ય, ૨. ક્ષેત્ર, ૩. કાળ અને ૪. ભાવ.

૨૧૦૦૦ શ્લોક પ્રમાણ આ ગ્રંથ રચાયો છે. આ ગ્રંથમાં આગમો, પ્રકરણ ગ્રંથો અને પ્રકીર્ણ ગ્રંથોના પાઠોની સાક્ષીઓ આપવામાં આવી છે. દ્રવ્ય વિભાગમાં ૪૦૨ સાક્ષીઓ, ક્ષેત્ર વિભાગમાં ૫૦૭ સાક્ષીઓ, કાળ વિભાગમાં ૩૭૯ સાક્ષીઓ. અને ભાવ-વિભાગમાં ૨૫ સાક્ષીઓ આ મુજબ કુલ ૧૩૦૮ સાક્ષી પાઠો લેવામાં આવેલ છે. આ ગ્રંથ સં. ૧૭૦૮ વૈશાખ સુદ ૫ ના દિને પૂર્ણ થયો.

**૩. હેમ પ્રક્રિયા :** ૨૫૦૦ શ્લોક પ્રમાણ આ ગ્રંથ સં. ૧૭૧૦માં પૂર્ણ કરેલ. કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રસૂરિશ્વરજી મ. સા. એ વ્યાકરણ આઠ અધ્યાયમાં ૬૦૦૦ શ્લોકની બૃહદ્‌વૃત્તિ રચી મહોપાધ્યાયજી મ. સા.એ વિચક્ષણ બુદ્ધિથી એ જ વ્યાકરણ સરળ, સુગમ, અલ્પ વિસ્તારવાળો રચિ નૂતન વિદ્યા પિપાસુ માટે ઉપકારક ગ્રંથ નિર્માણ કર્યો. ૨૫૦૦ શ્લોક પ્રમાણમાં હેમ પ્રક્રિયા ગ્રંથની સ્વોપક્ષ ટીકા ૩૪૦૦૦ અત્યંત સરલ સંસ્કૃત ભાષામાં રચિ છે. સંવત ૧૭૩૭માં રતલામ મુકામે વિજયા દશમીએ પૂર્ણ કરેલ.

**૪. નયકર્ણિકા :** નયોનું જ્ઞાન બાલ જીવોને આપવું જોઈએ તેવી દૃષ્ટિથી ૨૩ ગાથામાં ન્યાયના અભ્યાસ માટે રચના કરી.

**૫. શાંત સુધારસ :** અનેક રસના જ્ઞાની મહોપાધ્યાયજી મ. સા. જ્ઞાન અને અનુભવ દ્વારા મોગલ સલ્તનત જ્યારે હિંદુ પ્રજાને રંજાડતી હતી ત્યારે કષાયોનો અતિશય પ્રસંગો ઉપદ્રવિત થયા હતા અને તેવા કપરા સમયે શ્રીસંઘને આત્મજાગૃતિ અર્થે આ ગ્રંથની રચના કરવામાં આવી હોય તેમ લાગે છે. સંસ્કૃત ભાષામાં રાગ—રાગિણીપૂર્વક ગાઈ શકાય તેવી કોઈપણ કૃતિ હોય તો તે આ શાંત સુધારસ ભાવના ગ્રંથ છે. આ ગ્રંથ ૩૫૭ શ્લોક પ્રમાણ છે. ૧૭૨૩માં ગાંધાર મુકામે આ ગ્રંથની રચના કરવામાં આવી છે.

**૬. ષટ્‌ત્રિંશત્ :**—જલ્પસંગ્રહ : પ. પૂ. ભાવવિજયજી મ.સા.એ ૧૬૬૯માં આ ષટ્-ત્રિશંત ગ્રંથ સંસ્કૃતમાં પદ્યાકારે રચ્યો હતો તેને સંક્ષિપ્તરૂપે સંસ્કૃત ગદ્યમાં પણ રચેલ છે.

**૭. અર્હંત નમસ્કાર સ્તોત્ર :** આ સ્તોત્રમાં પરમાત્માની સ્તુતિઓ છે. આ અપ્રસિદ્ધ પ્રત ઉદયપુર (રાજસ્થાન)ના જ્ઞાન ભંડારમાં ઉપલબ્ધ છે.

**૮. જિન સહસ્રનામ સ્તોત્ર :** ગાંધાર નગરીમાં સં. ૧૭૩૧માં ચાતુર્માસ દરમ્યાન આ સ્તોત્રની રચના કરવામાં આવી છે. આ સ્તોત્રમાં ૭ વખત દરેખ શ્લોકમાં જિનેશ્વર ભગવંતોને નમસ્કાર કરવામાં આવેલ છે. કુલ ૧૦૦૧ વાર નમસ્કાર કરવામાં આવેલ છે.

**૯. આનંદલેખ :** ૨૫૧ શ્લોક પ્રમાણ સંસ્કૃત કૃતિ સં. ૧૬૯૭માં લખાયેલ છે.

**૧૦. ગુજરાતી કૃતિઓ :** સં. ૧૬૮૯માં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સુરત–સુર્યપુર ચૈત્યપરિપાટી વખતે ૧૧ જિનાલયો હતાં દરેક મૂળનાયક ભગવાનની સ્તુતિ ૧૪ કડીઓમાં રચાયેલી છે.

**૧૧. વિજયદેવ સૂરિશ્વરજી લેખ :** અકબર બાદશાહને પ્રતિબોધ કરનાર આ.શ્રી વિજયહિરસૂરિશ્વરજી મ. સા.ના પટ્ટધર આ. શ્રી દેવસૂરિજી મ.સા.ની ભક્તિ અને પ્રસંશારૂપ સજ્ઝાય લખાયેલ છે.

**૧૨. ઉપમિતિ ભવ પ્રપંચા :** શ્રીમદ્ સિદ્ધર્ષિગણિ વિરચિત અત્યંત વૈરાગ્ય પોષક આ ગ્રંથનું ગુજરાતી સ્તવન સં. ૧૭૧૬માં રચાયું છે.

**૧૩. પટ્ટાવલી સજ્ઝાય :** સં. ૧૭૧૮માં આ સ્તવન શ્રી સુધર્માસ્વામીની પાટપરંપરાના ૬૨ પટ્ટધર તથા પોતાના ગુરુ ઉપાધ્યાયશ્રી કીર્તિવિજયજી મ. સા.ના સમય સુધીના પૂજ્યશ્રીઓની વિશિષ્ટતાઓથી સંપૂર્ણ ૭૨ ગાથાનું રચેલ છે.

**૧૪. પાંચ સમવાય (કારણ) સ્તવન :** ૫૮ ગાથાબદ્ધ અને ૬ ઢાળનાં આ સ્તવનમાં કાળમતવાદિ, સ્વભાવવાદિ, ભાવીસમવાય-વાદિ, કર્મવાદિ અને ઉદ્યમવાદિના મંતવ્યો વિસ્તારથી વર્ણવાયા છે.

**૧૫. ચોવીસ સ્તવન :** ચોવીસે તીર્થંકર ભગવંતોના ત્રણ–ચાર કે પાંચ ગાથાના સ્તવનો રચવામાં આવ્યા છે. જેમાં કુલ ૧૩૦ ગાથા છે. જેમાં પરમ કૃપાળુ મહાવીર પરમાત્માનું 'સિદ્ધારથના રે નંદન વિનવું' સ્તવન સુપ્રસિદ્ધ છે.

**૧૬. વીશી સ્તવન :** વીશ વિરહમાન તીર્થંકર ભગવંતોના સ્તવન રચવામાં આવ્યા છે. જેમાં કુલ ૧૧૫ ગાથઓ છે.

**૧૭. પુણ્ય પ્રકાશનું સ્તવન :** બિમાર વ્યક્તિઓને રાગપૂર્વક સંભળાવવાથી શાંત રસમાં તરબોળ થઈ જાય એવું આ સ્તવન આ. શ્રી સોમસુંદર સૂરિશ્વરજી મ.સા. રચિત 'આરાધના સૂત્ર' નામના પયન્નાને આધારે સં. ૧૭૨૯માં રાંદેર (સુરત) મુકામે ચાતુર્માસ દરમ્યાન રચવામાં આવે છે.

આ સ્તવનમાં ૧૦ પ્રકારે આરાધના બતાવી છે. ક્રમ પણ વ્યવસ્થિત લેવાયો છે. (૧) અતિચાર આલોચના (૨) દેશ કે સર્વથી વ્રત ગ્રહણ (૩) સર્વ જીવોની ક્ષમાપના (૪) અઢારે પાપ સ્થાનકો વોસિરાવા (૫) ચાર શરણનો સ્વીકાર (૬) પાપોની નિંદા (૭) શુભ કાર્યોની અનુમોદના (૮) શુભ ભાવના (૯) અણસણ પચ્ચક્ખાણ (૧૦) નમસ્કાર મહામંત્રનું સ્મરણ.

**૧૮. વિનય વિલાસ :** મહોપાધ્યાય મ. સા.એ ૩૭ પદો રચેલ છે. આત્માર્થી મહાપુરુષે શાંત સમયમાં પોતાના ચેતનજીને ઉદ્દેશીને ધ્વનિરૂપ ઉચ્ચારી હતી. આ પદો સં. ૧૭૩૦ આસપાસ રચાયા હોય તેમ લાગે છે.

**૧૯. ભગવતી સૂત્રની સજ્ઝાય :** સં. ૧૭૩૧ રાંદેર (સુરત) મુકામે ચાતુર્માસ સ્થિરતા દરમ્યાન ભગવતી સૂત્રનું વાંચન કરેલું. ૨૧ ગાથાની આ સજ્ઝાયમાં ભગવતી સૂત્રની મહત્તાનું કોણ વાંચન કરી શકે, કોણ સાંભળી શકે અને શ્રવણથી શુ લાભ થાવ તે અસરકારક રીતે દર્શાવવામાં આવેલ છે.

**૨૦. આદિજિન વિનંતી (સ્તવન)** ૬૭ ગાથાના આ સ્તવનમાં દાદા આદિશ્વરજીને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિનવ્યા છે, ફોસલાવ્યા છે, મનાવ્યા છે, રાજી કર્યા છે અને આલંબન પણ આપ્યા છે. છેલ્લે શરણું સ્વીકાર્યું છે અને ભવોભવ સેવા યાચી છે.

**૨૧. ષડાવશ્યક (પ્રતિક્રમણ) સ્તવન :—** ૬ ઢાળ અને ૪૨ ગાથાનું છ આવશ્યક ઉપર સ્તવન રચ્યું છે.

૨૩. શ્રી સીમંધરસ્વામીનું ૩ ગાથાનું સ્તવન રચ્યું છે.

**૨૪. શ્રીપાલ રાજાનો રાસ :** આ રાસનો પ્રારંભ ૧૭૩૮માં શ્રીસંઘની વિનંતીથી શરૂ કરવામાં આવ્યો. પ. પૂ. વિનયવિજયજી મ. સા.એ ખૂબ જ વિદ્વત્તાપૂર્ણ રીતે સામાન્ય જનમાં પણ રસ જળવાઈ રહે તે રીતે શબ્દ ભંડાર કાવ્ય સ્વરૂપે ઢાલવીને રચના કરી છે. ૭૪૮ ગાથાની રચના થઇ ગયા બાદ કુદરતને કંઈક જુદું જ મંજુર હતું. રાંદેરના ચોમાસા દરમ્યાન પ. પૂ. મહોપાધ્યાયશ્રી વિનય-વિજયજી મ. સા. સં.૧૭૩૮માં કાળધર્મ પામ્યા. કૃતિ અધૂરી હતી, સહાધ્યાયી ગુરુદેવ શ્રી યશોવિજયજી મ. સા. પણ સાથે જ હતા, તેમણે બાકીની ૫૦૨ ગાથાઓ રચિ આ રાસ પૂર્ણ કર્યો. ચૈત્ર અને આસો માસની બન્ને શાશ્વતી ઓળીમાં આ રાસ આદર પૂર્વક ઉપાશ્રયો અને ઘરેઘરમાં વંચાય છે.

**આવા મુનિશ્વરોને કોટીશઃ વંદના**

*

## શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર
## દ્વારા જ્ઞાનપંચમી મહોત્સવની ઉજવણી

પ્રતિવર્ષ મુજબ આ વર્ષે પણ સં. ૨૦૫૭ના કા.સુ.૫ બુધવાર તા. ૧-૧૧-૨૦૦૦ના રોજ જ્ઞાનપંચમીના પાવન પર્વે સભાના વિશાળ લાઈબ્રેરી હોલમાં સુંદર અને કલાત્મક જ્ઞાનની ગોઠવણી સભાની કમિટિ તથા સ્ટાફ ભાઈઓની ભારે જહેમતપૂર્વક કરવામાં આવી હતી.

સવારના ૬ વાગ્યાથી રાત્રિના ૯ દરમ્યાન અનેક સાધુ—સાધ્વીજી ભગવંતો, સકળ શ્રીસંઘના શ્રાવક—શ્રાવિકા ભાઈ—બહેનો તથા નાના—નાના બાલક—બાલિકાઓએ આ જ્ઞાનની ગોઠવણીના હોંશપૂર્વક દર્શન—વંદનનો લાભ લીધો હતો. ઘણા બાળકોએ કાગળ—કલમ આદિ સાથે લાવી જ્ઞાનની પૂજા ભક્તિભાવપૂર્વક કરી હતી.

સુંદર અને કલાત્મક જ્ઞાનની ગોઠવણીના દર્શનાર્થે આવનાર વિશાળ દર્શનાર્થીઓના સમૂહને જોઈ ટ્રસ્ટીગણે ઊંડા આનંદની લાગણી વ્યક્ત કરી હતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# હિમાલયની પત્ર યાત્રા

**ભાગ-૧ લેખક : મુનિરાજશ્રી જંબૂવિજયજી મહારાજ**

જંબૂવિજયજી૦ કેવું સુંદર નામ. આ નામને ઘણા ઘણાં વિશેષણો લગાડવા પ્રયત્ન થયેલા : શ્રુતસ્થવિર, પ્રવર્તક, દર્શન શાસ્ત્ર વિશારદ, પણ એકે વિશેષણ ન ચોંટ્યું. બધાં ઉખડી ગયાં. કેટલાં પીંછા ચોડવા મથ્યા પણ બધા પાછા પડ્યાં. બહુ બહુ તો સંશોધક જંબૂવિજયજી એમ કહેવાયું. પણ જરૂજ શી છે! બે જંબૂવિજયજી હોય તો જુદા પાડવા કંઈક વિશેષણ જોઈએ. પણ જંબૂવિજયજી તો એક જ છે અનન્ય છે.

આમેય તેમની સંયમ યાત્રા, નિરાબાધપણે જ્ઞાનયાત્રા—દર્શન યાત્રા, ચારિત્ર યાત્રા ને તપોયાત્રાથી શોભતી નિરંતર ચાલુ જ રહેતી હતી પણ છેલ્લા ત્રણેક વર્ષથી તો એ નાની વયથી વૃદ્ધ થતાં ચાલ્યા તેમ ઉત્સાહથી કાર્યથી વધુને વધુ જુવાન થતાં ગયાં.

શ્રી શંખેશ્વરજીથી ભર ઉનાળામાં જેસલમેર તરફનો વિહાર શરૂ કર્યો. ૪૬ ડીગ્રી ગરમીમાં તેઓ મસ્તીથી એ રણ વિસ્તારમાં વિહરતાં હતા. જાણે લીલાછમ બગીચામાં ન ટહેલતા હોય! જ્ઞાનનો લીલોછમ બગીચો તો પોતે જ છે ને!

એ જેસલમેરની જ્ઞાનસાગરની તલાવગર્હિત યાત્રા માણીને બિકાનેર સરદાર શહેર જેવાં પ્રદેશમાં હિમાચલ પ્રદેશમાંથી પસાર થઈને હરદ્વાર પધાર્યા. ત્યાં શ્રી ચિંતામણી પાર્શ્વનાથ ભગવાનની શીતળ છાયામાં ચાતુર્માસ નિર્ગમન કરીને બદરી તરફ યાત્રા આરંભી. સીત્યોતેર વર્ષની જૈફ વયે, ચાર સાધુ મહારાજ, અગ્યાર સાધ્વીજી મહારાજ, શ્રાવક—શ્રાવિકા સાથેનો કાફલો દડ મજલ કરતો હિમાલયની ટોચ સર કરવા નીકળ્યો!

એક તરવરતાં યુવાનને ઉત્સાહ તેમનું મુખ્ય ભાતું. દેવ અને ગુરુનો નિત્ય સંગાથ. દાદા આદીશ્વર તરફની અગાધ શ્રદ્ધા. આ બધાથી તેમનું હૈયું ભર્યું ભર્યું રહે છે.

તેમણે હરદ્વારથી જે યાત્રા માંડી તેનો આછો પાતળો અહેવાલ તેઓશ્રી પત્ર રૂપે મને લખતાં રહ્યાં, તેમના વિહારમાં આવતાં અવનવાં સ્થાનો, આશ્રમો, મઠો, તે જોઈને આવતાં વિચારો, સહેજે થઈ જતી આપણી વર્તમાન પરિસ્થિતિ સાથેની સરખામણી, કુદરતે મન મુકીને છુટે હાથે વરેલો રમણીય વૈભવ તે જોઈને થયેલાં. સૌદર્ય બોધ આ બધું તો ખરું જ સાથે તેમને પડેલાં કષ્ટો, અગવડતા, મુશ્કેલીઓ પણ તેમણે વર્ણવ્યાં. વારંવાર મળતી અલકનંદા ભાગીરથી ગંગા, તેની સાથે મળતી અનેકાનેક નદીઓ તેના સંગમ સ્થાનો તેનું મનહરને મનભર દશ્ય બધું તેમાં વર્ણવ્યું. તે પત્રો દ્વારા એમને જે આપ્યું છે તેમાં શ્રીસંઘ પણ ભાગીદાર બને તેવા શુભાશયથી એ પત્રમાળા 'શાન્તિ સૌરભ'માં આપવાનું મન થયું. તેના માધ્યમથી શ્રી સંઘના અનેકાનેક વાચકો તેનું આરામ કરે, આકંઠ પાન કરે અને મુનિરાજશ્રી જંબૂવિજયજી મહારાજની વર્તમાન સંયમ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાધનાના વૃત્તાંતથી પ્રમુદિત થાય તે શુભેચ્છા.

ક્રમશ : બાવીશ પત્રોનો પહેલો ભાગ અહીં પ્રસ્તુત છે બાકીના પત્રો હવે પછીના ક્રમમાં આપવાની ગણત્રી છે.

—આ. વિ. પ્રદ્યુમ્નસૂરિજી, અમદાવાદ

(પત્ર - ૧)

**અસ્તુત્તરસ્યાં દિશિ દવતાત્મા,**
**હિમાલયો નામ નાગાધિરાજઃ ।**

*શિવપુરી વૈશાખ વદિ--૪*

**આ. મ.શ્રી પ્રદ્યુમનસૂરિજી મહારાજ,**

વંદના સુખસાતામાં હશો. અત્રે પણ દેવગુરુકૃપાએ સુખસાતા છે.

હરિદ્વારથી વૈશાખવદિ એકમે અમારી બદ્રીનાથની યાત્રા શરૂ થઈ છે. હરિદ્વારથી લગભગ ૧૩ કિલોમીટરે વીરભદ્ર ગામ રસ્તા ઉપર છે. ત્યાં સાધના આશ્રમ છે. આખા રસ્તે કહેવાય આ એવું એક સ્થાન છે, અને આ યોગ્ય અંતરે છે. મુખ્ય સંન્યાસી અચ્યુતાનંદજી છે, બંગાળી છે, બહુ સદ્ભાવથી આપણને સગવડો આપે છે.

ત્યાંથી સાંજે લગભગ આઠેક કિલોમીટર દૂર ઋષિકેશ આપણા દેરાસર છે. ફરવા આવનાર આપણા લોકોને ખબર જ નથી હોતી કે ઋષિકેશમાં આપણું દેરાસરમાં મુખ્ય રસ્તા ઉપર ન હોવાથી રીક્ષાચાલકોને પણ ખબર હોતી નથી. એટલે છાયા ટોકીઝની પાસે હિરાલાલ માર્ગ ઉપર આપણું દેરાસર છે. તેમ તપાસ કરે તો જ મળે ત્યાં બીજુ દિગંબર મંદિર પણ છે. શાંતિનાથ ભગવાનનું શ્વેતાંબરોનું દેરાસર છે. પાટણના ચિનુભાઈ નામે એક શ્રાવક ભાઈએ ચાલીસેક લાખ રૂપિયા ખર્ચીને દેરાસર બંધાવ્યું છે તથા પ્રતિષ્ઠા કરી છે.

ત્યાંથી ચાર કિલોમીટર દૂર રામઝૂલા નામે ગંગાજી ઉપર ઝૂલતો પૂલ છે. ઋષિકેશમાં બજારનો ભાગ બાદ કરીને આગળ ચાલતાં બંને બાજુ જુદા જુદા આશ્રમો જ આશ્રમો છે. રામઝૂલાની નજીકમાં જ સ્વામી શિવાનંદનો આશ્રમ છે કે જે દિવ્ય-જીવનસંઘના નામે ઓળખાય છે. આંખોના લાખો ઓપરેશન કરનાર ગુજરાતનાં ડૉ. અધ્વર્યુ આ આશ્રમના ભક્ત હતા. છેલ્લો પોતાનો દેહ પણ તેમણે આ આશ્રમમાં જ છોડ્યો હતો.

રામઝુલા છોડ્યા પછી ગંગાની પેલી પાર ગયા બાદ ત્રણ—ચાર કિલોમીટરમાં આશ્રમો જ આશ્રમો છે. અને પરમાર્થનિકેતન આશ્રમમાં ત્યાનાં મુખ્ય સ્વામી ચિદાનંદ સરસ્વતીની ઇચ્છાથી ગયા હતાં. રામઝુલા પછીનો પ્રદેશ સ્વર્ગાશ્રમના નામે પ્રસિદ્ધ છે તેમાં પરમાર્થનિકેતન ઘણો મોટો આશ્રમ છે. લગભગ બારસો જેટલા રૂમ હશે. વૈભવી તથા સામાન્ય એમ બધા કક્ષાના રૂમો છે.

સ્વામી ચિદાનંદજી સરસ્વતી મુનિજીના નામથી પ્રસિદ્ધ છે. રાજકારણ તથા સામાજિક દૃષ્ટિએ ઘણા આગળ પડતા છે. આશ્રમનો ઘણો વિકાસ એમણે કર્યો છે. હંમેશા કલાકો સુધી નિયમિત રીતે મૌનમા રહે છે. આશ્રમની અંદર ઘણી ઘણી જાતની રચનાઓ છે. આબેહૂબ લાગે છે. રચનાઓ કેવી ભાવવાહી છે અને આબેહૂબ છે એ તો જે નજરે જુએ તેને જ ખ્યાલ આવે. ઉદાહરણ તરીકે શબરીના બોરનો રામાયણનો પ્રસંગ જ્યાં પથ્થરની રચનામાં ઉતારો કર્યો છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્યાં જોનારને એવું સાચુ બોર લાગે કે ઉપાડીને મોંમા મુકવાનું મન થઈ જાય. આવી આવી ઘણી રચનાઓ આશ્રમની અંદર છે. આશ્રમમાં જુદી જુદી કથાઓ પ્રવચનો પ્રાર્થના આદિ ચાલ્યા જ કરતાં હોય છે.

આશ્રમની બહાર આંગણામાં જ ગંગા નદી વહે છે. ત્યાં એંસી લાખ રૂપિયા ખર્ચીને આરસનો ખૂબ મોટો ઘાટ બાંધેલો છે. હંમેશા સાંજે ગંગા મૈયાની આરતી ઉતરે છે. સંગીતમય ભાવના થાય છે. હોમ—હવન આદિ થાય છે. સાંજે જ આ કાર્યક્રમ થાય છે તે ખૂબ જ આકર્ષક હોય છે, સેંકડોની—હજારોની મેદની રોજ ભેગી થાય છે. મુનિજી પોતે ભાવનામાં જોડાય છે. પ્રસંગે પ્રસંગે મોટી મોટી કથાઓ આ ઘાટ ઉપર યોજાય છે. આ ઘાટનું વાતાવરણ અદ્‌ભુત છે. અમે રોજ સવારમાં ત્રણ વાગે લગભગ આ ઘાટ ઉપર બેસીને જાપ કરતાં હતાં.

દસ-બાર વર્ષથી માંડીને કિશોર કહેવાય એવા વેદપાઠી બટુકોની અહીં મોટી મંડળી છે. બધાએ ફરજિયાત ધોતી પહેરવાની હોય છે, ચોટી રાખવાની હોય છે, ઉદાત્ત—અનુદાત્ત—સ્વરિત વગેરે પદ્ધતિથી આ વેદનો પાઠ કરતા હોય છે.

આપણી પાઠશાળા મહેસાણાની હોય કે બીજે સ્થાને હોય, આ ફરજિયાત ધોતીના પોશાકના નિયમો હોવા જ જોઈએ. અધ્યાપક તથા વિદ્યાર્થીઓએ આ નિયમ પાળવા જ જોઈએ. તો જ આ પ્રાચિન પોશાકના સંસ્કારો સચવાઈ રહેશે. તો જ સમાજના બીજા માણસોથી અલગ તરી આવે એવો ધાર્મિક શિક્ષકનો પોષાક હોવો જ જોઈએ. આ બધુ તમે નજરે જુઓ તો જ તેની સુંદરતાનો આકર્ષકતાનો ખ્યાલ આવે.

આ પરમાર્થનિકેતન સિવાય ગીતાભવન નં. ૧, ૨, ૩,૪, ૫ ના આશ્રમો છે. કાલીકમલીવાલાનો આશ્રમ પણ અહીં જ છે.

ગીતાભવનમાં ગીતા-પ્રેસનું ગોરખપુરનું કેન્દ્ર આવેલું છે. દિવસોના દિવસો સુધી રહેનાર ને પણ ચાર્જ આપવાનો રહેતો નથી. એટલું જ નહિ, પણ બોર્ડ લગાવ્યું છે કે કોઈએ કંઈ પણ ભેટ આપવાની નથી. કૃપયા ભેંટ ન ચડાઈયે। મેં પૂછ્યું કે કંઈ પણ યાત્રિકો પાસેથી ન લો, અને સેંકડો કર્મચારીઓ આશ્રમની વ્યવસ્થા માટે રાખો તો પછી તમારું તંત્ર ચાલે છે શી રીતે? એના મુખ્ય વ્યવસ્થાપક ચિરંજીલાલ મને કહેવા લાગ્યા કે શું આ સંસ્થા આપણે ચલાવીએ છીએ? ઈશ્વર ચલાવે છે? કેવી રીતે ચલાવે છે, ઈશ્વર ક્યાંથી પૈસા લાવે છે ઈશ્વરને એ પૂછવાનો આપણને અધિકાર છે?

આપો આપ લાખોના દાતા મળી રહે છે. આ સાંભળીને હું તો ચકિત થઈ ગયો.

આપણએ જૈનોએ આમાંથી શીખવું જોઈશે. નામ ધર્મશાળા હોય છે. હકીકતમાં બધી ધનશાળાઓ થઈ ગઈ છે. પૈસાદારને જ આવકારવામાં આવે છે. ગરીબનો કોઈ ભાવ જ પૂછતું નથી. પાલિતાણા—શંખેશ્વરજી—બીજાં પણ સ્થાનોમાં બધે સ્થળે મોટા મોટા ચાર્જ રાખેલા છે. ખરેખર ધર્મશાળા મફત હોવી જોઈએ. તો જ એ ધર્મશાળા કહેવાય. ધામ—ધૂમ—જલસા-આડંબરોમાં નામના તથા દેખાવ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરવા માટે લાખો રૂપિયા ખર્ચ કરનારા દાતાઓ જો મૂક રીતે આવું દાન આપે તો ધર્મશાળાના સંચાલકોને મુશ્કેલી પડે જ નહિ.

વચમાં અમને દાદાભગવાનના ભક્તો મળેલા. એમણે કહ્યું કે અમારે ત્યાં કરોડો આપનારનું પણ નામ આપવામાં આવતું નથી. બાબુના તલાટીના દેરાસરે ચડતાં પગથિયેં પગથિયે નામો લખાવનારની તકતી જોવા મળશે. નામ છે એનો નાશ છે એવી મોટી મોટી વાતો કરનારાઓ જ નામના એટલા બધા અતિભૂખ્યા હોય છે કે આપણને અતિઆશ્ચર્ય થાય કે કેટલું કેટલું વિચિત્ર વાણીવિલાસનું નાટક ઉપરથી નીચે સુધી ટોપ ટુ બોટ્ટમ આપણે ત્યાં ચાલ્યા કરે છે. જગતમાં તો આવું સર્વત્ર ચાલે છે. પણ ધર્મમાં—ત્યાગીઓના ધામોમાં પણ આ જ ચાલે છે એ જોઈએ ત્યારે જ આશ્ચર્ય થાય છે.

રામઝુલાથી બે કિલોમીટર લક્ષ્મણઝુલા નામે ઝુલતો પૂલ છે. જ્યાં જુઓ ત્યાં બધે આશ્રમો જ આશ્રમો છે. આશ્રમોમાં સંન્યાસીઓ પણ ઘણા છે. યાત્રિકો પણ હજારો—લાખોની સંખ્યામાં આવ્યા જ કરતાં હોય છે.

ધર્મભાવનાથી લોકો તીર્થોમાં આવતાં હોય છે. પણ સાચા સાધકો તો એમાં ઘણાં ઓછા હોય છે.

યાત્રાધામો પર્યટનના ધામો જેવાં થઈ ગયા છે. આપણે ત્યાં કે બીજે, બધું આવું થતું જાય છે. થઈ રહ્યું છે. સંન્યાસીઓમાં પણ ખરેખર સાચા સાધકો તો ઓછા હોય છે. વેષધારીઓની જમાત મોટી હોય છે. પૈસાનો વ્યવહાર સર્વત્ર વધી ગયો છે.

આજે સવારમાં, વેદપાઠી બટુકોના વેદપાઠના મંત્રોચ્ચારપૂર્વક ચિદાનંદજી (મુનિજી) સરસ્વતીએ અમને ખૂબ ખૂબ સદ્‌ભાવપૂર્વક વિદાય આપી. ત્યાંથી ચાલીને આજે અહીં શિવપુરીમાં આવ્યા છીએ. રસ્તામાં ચારે બાજુ મોટા મોટા પહાડો જ પહાડો. એ બધાંની આંટી ઘૂંટીમાંથી સડક પસાર થઈ રહી છે. એક બાજુ મોટી મોટી ભેખડો છે, બીજી બાજુ જબરજસ્ત ખાઈ ઊંડી હોય છે, તેમાંથી ગંગા મૈયા વહી રહી છે. જો સડક ઉપર જરાક ચૂક્યા તો નીચે મોટી ખાઈમાં જ પડો. હાડકાનો ય પત્તો લાગે નહિં. એટલે પત્થર લગાવ્યા હોય છે કે ડાબી બાજુ ચાલો (બાંયે ચલો) એક જ .મોટર લગભગ ચાલી શકે તેવો રસ્તો હોય છે. વળાંકો પાર વિનાના આવે. બોર્ડ ઉપર લખ્યું હોય છે. 'આટલી ઉતાવળ શા માટે કરો છો ? ધીમે ધીમે ચાલો.'

રસ્તામાં ચારે બાજુ પહાડો અને ગીચ ઝાડી છે. કુદરતી સૌંદર્ય જબરૂ છે. શાંતિ પણ જબરી છે. પોતાનો સામાન ઉપાડીને પગે ચાલતા થોકબંધ સંન્યાસીઓ મળે છે. લાંબા—લાંબા અંતરે તેમને માટે રહેવા—ખાવા—પીવાની સગવડોવાળા આશ્રમો હોય છે.

અમે અહીં આવ્યા છીએ તે સ્થાન બરાબર ગંગામૈયાના કિનારા ઉપર જ છે. આંખ સામે જ ગંગા મૈયા ખળખળ વહે છે. પ્રેક્ષકો માટે પહેલેથી બાંધી રાખેલા તંબુઓમાં બેઠા છીએ.

સાધ્વીજીઓ દૂર ગંગાકીનારે ઝાડ નીચે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બેઠા છે. અમારો બધાનો સ્વાધ્યાય ચાલે છે. અત્યારે સટીક કર્મગ્રંથીનું તથા સંવેગ રંગ-શાળાનું વાંચન તથા ઠાણાંગ સટીકનું સંશોધન આનો મુખ્ય સ્વાધ્યાય અત્યારે ચાલે છે.

આ બધા હિમાલયના જ પહાડો છે. ખૂબ ઊંચે જઈએ ત્યારે બરફ હોય.

અમે ચાર સાધુઓ તથા મારા માતૃશ્રીના પરિવારના જિનેન્દ્રપ્રભાશ્રીજી વગેરે ૧૧ સાધ્વીજીઓ અને પંદર અમે તથા ચાર—પાંચ શ્રાવકો આટલા અમારી બદરીનાથની યાત્રામાં છીએ.

શિવપુરીમાં મંદિરના સંન્યાસીએ સાંજે થોડા રૂમ ખોલી આપ્યા. સાધ્વીજીઓ ત્યાં ગયાં અમે તો પ્રેક્ષામંડપમાં ગંગાકીનારે રહ્યાં.

**('શાંતિ સૌરભ' માસિકના પર્યુષણ વિશેષાંકમાંથી સાભાર)**

*(ક્રમશઃ)*

---

(જિનદર્શન....પાના નં. ૬થી ચાલુ)

રહેશે. આપણે જે કાંઈ પ્રાપ્ત કરીએ છીએ તેમાં આપણું કશું નથી. હકીકતમાં તો આ શરીર પણ આપણું નથી. આજે જે ચીજ આપણી છે તે ગઈકાલે બીજા કોઈની હતી અને ભવિષ્યમાં બીજા કોઈની થશે. જ્યાં સુધી મારાપણાની ભાવના નાબૂદ નહીં થાય ત્યાં સુધી ચોરી અદૃશ્ય થશે નહિં. જે નથી તે દેખાડવાનો પ્રયાસ અને જે છે તે છુપાવવાનો પ્રયાસ પણ એક જાતની ચોરી જ છે.

**(મું. સ. તા. ૨૯-૧૧-૯૮ના જિનદર્શન વિભાગમાંથી જનહિતાર્થે સાભાર)**


## ભાવનગર નાગરિક સહકારી બેંક લિ.

હેડ ઓફિસ : ૧૪, ગંગાજળીયા તળાવ, ભાવનગર ફોન : ૪૨૯૦૭૦ ફેક્સ નં. (૦૨૭૮)) ૪૨૩૮૮૯

**: શાખાઓ :**

| | | | |
|---|---|---|---|
| ડોન : કૃષ્ણનગર<br>ફોન : ૪૩૯૭૮૨ | વડવા પાનવાડી<br>ફોન : ૪૨૫૦૭૧ | રૂપાણી-સરદારનગર<br>ફોન : ૫૬૫૯૬૦ | ભાવનગર-પરા<br>ફોન : ૪૪૫૭૯૬ |
| રામમંત્ર-મંદિર<br>ફોન : ૫૬૩૮૩૨ | ઘોઘા રોડ શાખા<br>ફોન : ૫૬૪૩૩૦ | શિશુવિહાર સર્કલ<br>ફોન : ૪૩૨૬૧૪ | |

**તા. ૧૧-૫-૨૦૦૦ થી થાપણો ઉપરના સુધારેલ વ્યાજના દર**

| સલામત રોકાણ | આકર્ષક વ્યાજ | સલામત રોકાણ | આકર્ષક વ્યાજ |
|---|---|---|---|
| ૩૦ દિવસથી ૪૫ દિવસ સુધી | ૫.૫ ટકા | ૧ વર્ષથી ૨ વર્ષની અંદર | ૯.૫ ટકા |
| ૪૬ દિવસથી ૯૦ દિવસ સુધી | ૬.૫ ટકા | ૨ વર્ષથી ૩ વર્ષની અંદર | ૧૦ ટકા |
| ૯૧ દિવસથી ૧૭૯ દિવસ સુધી | ૭ ટકા | ૩ વર્ષથી ૫ વર્ષની અંદર | ૧૦.૫ ટકા |
| ૧૮૦ દિવસથી ૧ વર્ષની અંદર | ૭.૫ ટકા | ૫ વર્ષ કે તે ઉપરાંત | ૧૧ ટકા |

**૭૮ માસે ડબલ ઉપરાંત રૂા. ૧,૦૦૦/-ના રૂા. ૨,૦૨૫ મળે છે.**

**સેવિંગ્ઝ તથા ફરજિયાત બચત ખાતામાં વ્યાજનો દર તા. ૧-૪-૨૦૦૦ થી ૫ ટકા રહેશે.**

| | | |
|---|---|---|
| **મનહરભાઈ એચ. વ્યાસ**<br>જનરલ મેનેજર | **નિરંજનભાઈ ડી. દવે**<br>મેનેજિંગ ડીરેક્ટર | **વેણીલાલ એમ. પારેખ**<br>ચેરમેન |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# હૃદયતીર્થ

કસ્તૂરી મૃગની કથા જુદી જ હોય છે.

એની નાભિમાં જ કસ્તૂરીની મહેક હોવા છતાં તે એ મહેકને શોધવામાં ઠેર ઠેર દોડાદોડ કરે છે.

માનવીના મનની પણ એવી જ હાલત છે.

એનું હૃદય સ્વયં તીર્થ છે. એની ચેતના સ્વયં શક્તિનો સ્રોત છે. અને તોય એ ઠેર ઠેર તીર્થાટન કરીને સાક્ષાત્કાર માટે વલખાં મારે છે.

એવા જ એક ભક્તરાજ હતા.

ભગવાન ઉપર ભરોસો રાખીને જીવે. ભલાઈનો ધર્મ પાળે અને ભલાઈનાં કામ કરે.

ભક્તરાજને એક વખત એવી ભાવના જાગી કે, ગમે તેમ કરીને ભગવાનને પ્રસન્ન કરવા છે અને પરમ વરદાન પામવું છે.

બસ....! પછી તો પૂછવું જ શું? ભગવાનની ભક્તિમાં ચિત્ત ચોંટયું એટલે તમામ ભૌતિક વળગણો ખરી પડવા લાગ્યાં. મોહ-માયા છૂટી ગયાં. રાગ-દ્વેષ ઓગળી ગયા.

પણ તોય ભક્તરાજનું મન માન્યું નહિ.

છેવટે ભક્તરાજ અરણ્યની કેડીએ ચાલ્યા. એક ગુફામાં એકાંતની મસ્તીમાં ભક્તિ કરવા લાગ્યા.

અને એક વખત ચમત્કાર થઈ ગયો.

એ ગુફામાં રાત્રે એકાએક દિવ્ય પ્રકાશ પથરાઈ ગયો. ભક્તરાજની આંખો અંજાઈ ગઈ. જોયું તો સ્વયં બ્રહ્મા પધાર્યા હતા. ભક્તરાજનું રોમરોમ પુલકિત થઈ ઊઠ્યું. તેમણે બ્રહ્માજીને વંદન કર્યાં. બ્રહ્માજી બોલ્યા :

'હે ભક્તરાજ ! તમારી ભક્તિથી હું પ્રસન્ન છું. કહો, શું વરદાન આપું ?'

ભક્તરાજ ગળગળા સાદે બોલ્યા, 'પ્રભુ ! આપનાં દર્શનથી હું ધન્ય થઈ ગયો. આપ મને વરદાન આપવા ઇચ્છો છો તો વરદાન માગતાં પહેલાં એક પ્રશ્ન પૂછવાની મને જિજ્ઞાસા જાગી છે.'

'પૂછો, વત્સ !'

'પ્રભુ ! મારા જેવા ભક્તોને આપ પ્રસન્ન ચિત્તે જે વરદાન આપો છો, તે આપના અધિકારમાંથી જ આપો છો? આપના જ ખજાનામાંથી આપો છો ? કે પછી આપને પણ ક્યાંક બીજેથી મેળવવું પડે છે ?'

ભક્તરાજના પ્રશ્નથી બ્રહ્મા વિશેષ પ્રસન્ન થયા. આજ પહેલાં આવી જિજ્ઞાસા કોઈએ રજૂ કરી જ નહોતી. બ્રહ્મા બોલ્યા,

'વત્સ ! મારા અધિકાર મર્યાદિત છે. કેટલીક વખત ભક્તને વરદાન આપવા માટે મારે વિષ્ણુજી પાસે જવું પડતું હોય છે ! તેમને મારા કરતાં વિશેષ અધિકાર મળેલા છે.'

'તો પ્રભુ ! હવે મારે આપની પાસેથી કાંઈ જ નથી માગવું. હું સ્વયં વિષ્ણુજી પાસે જઈશ અને તેમને આજીજી કરીશ.'

'જેવી તારી ઇચ્છા....' કહીને બ્રહ્માજી અલોપ થયા.

ભક્તરાજે વિષ્ણુની ભક્તિ કરવા માંડી.

થોડાક દિવસ વીત્યા. ફરી પાછું ગુફામાં દિવ્ય અજવાળું પથરાયું અને વિષ્ણુજી પ્રગટ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થયા. તેમણે પણ પ્રસન્ન થઈને વરદાન માંગવા કહ્યું.

ભક્તરાજે વિષ્ણુજી પાસે એ જ પ્રશ્ન પૂછ્યો, 'આપ મને જે વરદાન આપશો તે આપની પાસેથી જ આપશો ને ?'

વિષ્ણુજી વદ્યા, 'ના, વત્સ! મારા કરતાં અધિક સમર્થ તો મહેશજી છે. મારે એમની પાસેથી મેળવીને જ તને વરદાન આપવું પડે...!'

ભક્તરાજ કહે, 'તો પ્રભુ! હું હવે મહેશજીને પ્રસન્ન કરીને વરદાન મેળવીશ.'

અને પછી ભક્તરાજે ભક્તિ દ્વારા મહેશજીને પણ પ્રસન્ન કર્યા. તેમણે પ્રગટ થઈને વરદાન માગવા કહ્યું. ભક્તરાજે પોતાનો પ્રશ્ન રજૂ કર્યો કે, 'આપ કોની પાસેથી લાવીને મને મારું ઇચ્છિત ફળ આપશો ?'

મહેશ માર્મિક સ્મિત વેરીને બોલ્યા, 'હે વત્સ ! હું સર્વશક્તિ સંપન્ન છું. મારે કોઈની પાસેથી કશું લેવા માટે જવું પડતું નથી. હું તો સૌ કોઈમાં સમાયેલો છું. પ્રત્યેક આત્મા મારો જ અંશ છે.'

'તો પ્રભુ, મારી ભીતરમાં પણ આપ વસો છો ?'

'અવશ્ય.'

'હે પ્રભુ ! જો એમ જ હોય તો હવે મારે કશું જ યાચવાની શી જરૂર છે? આત્મામાં જ પરમાત્માને પામીશ. જીવમાં જ શિવનો સાક્ષાત્કાર કરીશ. આજે આપની કૃપાથી મને પરમ રહસ્ય જાણવા મળ્યું કે, માનવીની ભીતરમાં જ સઘળી સભરતા છે....!'

આપણને હવે તો આ રહસ્ય સમજાઈ જ ગયું ને ? તો ચાલો, અંતરની કેડીએ ચાલીએ અને શુદ્ધ આત્મચૈતન્યથી છલોછલ થઈ જઈએ...!

*(લેખકશ્રી લક્ષ્મીચંદભાઈ છ. સંઘવીના પુસ્તક 'દષ્ટાંત રત્નાકર'માંથી જનહિતાર્થે સાભાર)*


## ભાવનગર મર્કન્ટાઈલ કો-ઓપરેટીવ બેન્ક લિ.

भावनगर मर्कन्टाइल को-ओपरेटीव बेन्क लि. Bhavnagar Mercantile Co-Operative Bank Ltd.

❑ **હેડ ઓફિસ** : લોખંડ બજાર, ભાવનગર ફોન : ૪૨૪૧૮૧, ૪૨૯૧૮૯

**બ્રાન્ચ** : ❖ માર્કેટીંગ યાર્ડ, ભાવનગર ફોન : ૪૪૫૦૦૮, ૪૪૬૨૬૧

❖ માધવદર્શન, ભાવનગર ફોન : ૪૨૦૭૯૯, ૪૨૬૪૨૧

**થાપણના વ્યાજનાં દરો** (તા. ૯-૮-૨૦૦૦ થી અમલમાં)

| | | | |
|---|---|---|---|
| ❖ સેવિંગ્ઝ | ૪.૫ % | ૨ વર્ષથી ૩ વર્ષ કરતાં ઓછા સમય માટે | ૧૦.૫૦ % |
| ❖ ફિક્સ ડીપોઝીટ : | | ૩ વર્ષથી ૫ વર્ષ કરતાં ઓછા સમય માટે | ૧૧ % |
| ૩૦ દિવસથી ૧ વર્ષ કરતાં ઓછા સમય માટે | ૬ % | ૫ વર્ષ અને ઉપરાંતના સમય માટે | ૧૧.૫૦ % |
| ૧ વર્ષથી ૨ વર્ષ કરતાં ઓછા સમય માટે | ૯.૫૦ % | | |

**: વધુ વિગત માટે બેન્કમાં રૂબરૂ સંપર્ક સાધો :**

**શ્રી કનૈયાલાલ વૃજલાલ પંડ્યા** (ચેરમેન)
**શ્રી વલ્લભભાઈ ભાઈલાલભાઈ પટેલ** (વા. ચેરમેન)
**શ્રી ઇન્દુકુમાર ઉકાભાઈ પટેલ** (મેનેજિંગ ડીરેક્ટર)
**શ્રી પુરુષોત્તમદાસ વૃજલાલ શાહ** (જો. મે. ડીરેક્ટર)
**શ્રી એમ. સી. પાઠક** (આસી. મેનેજર)


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# પોષ દશમીની આરાધના અને તેનું ફળ

રજૂઆત : દિવ્યકાંત એમ. સલોત

ત્રેવીશમા તીર્થંકર પુરુષાદાનીય શ્રી પાર્શ્વનાથ પ્રભુનો જન્મ પોષ વદિ ૧૦ના રોજ થયો હતો એટલે પોષ વદિ ૧૦ પોષદશમીના પર્વ તરીકે ઓળખાય છે. ગુજરાતી રિવાજ પ્રમાણે આ મિતિ માગસર વદિ ૧૦ની આવે છે, તેથી આ પર્વની ઉજવણી ગુજરાતી માગસર વદિ ૧૦ના રોજ થાય છે. તે દિવસે વરઘોડો નીકળે છે તથા શ્રી પાર્શ્વનાથ પ્રભુનાં જીવન ઉપર પ્રવચનો થાય છે.

આ પર્વ નિમિત્તે તપશ્ચર્યા કરનાર આગલા દિવસે એટલે નોમના દિવસે સાકરનાં પાણીનું એકાસણું કરી ઠામ ચોવિહાર કરે છે, દશમીના દિવસે ખીરનું એકાસણું કરી ઠામચોવિહાર કરે છે અને અગિયારશના દિવસે ચાલુ એકાસણું કરે છે. ત્રણે દિવસ બ્રહ્મચર્ય પાળે છે, બંને વખત પ્રતિક્રમણ કરે છે તથા જિનમંદિરમાં જઈ અષ્ટપ્રકારી પૂજા અને દશમના દિવસે સત્તર પ્રકારી પૂજા ભણાવે છે. વળી તે દિવસે સ્નાત્રમહોત્સવ કરે છે તથા ભગવાનનાં નવે અંગે ભક્તિભાવપૂર્વક પૂજા કરી કૃતાર્થ થાય છે.

આ દિવસે 'શ્રી પાર્શ્વનાથ અર્હતે નમઃ' એ પદની વીશ નવકારવાળી ગણવાની હોય છે. તેમ અક્ષતના બાર બાર સ્વસ્તિક કરવાના હોય છે.

આ પર્વનું આરાધન કરનાર સુરદત્ત શેઠની સર્વપેઠે રિદ્ધિસિદ્ધિ પામી છેવટે ભવસાગર તરી જાય છે. સુરદત્ત શેઠની કથા આ પ્રમાણે જાણવી :

**સુરદત્ત શેઠની કથા**

સુરેન્દ્રપુર નગરમાં સુરદત્ત નામે નગરશેઠ હતો, તેને શીલવતી નામે ભાર્યા હતી. તેની પાસે લક્ષ્મી ઘણી હતી, પણ તે મિથ્યાત્વથી વાસિત હતો.

એક દિવસ તે શેઠ વેપાર કરવા માટે કરિયાણાનાં સવાબસો વહાણ ભરીને રત્નદ્વીપ ગયો. ત્યાં કરિયાણાં સારા ભાવે વેચતાં ઘણો નફો થયો. પછી ત્યાંથી બીજાં કરિયાણાં ભરી તે પોતાનાં નગર તરફ આવતો હતો, ત્યાં રસ્તામાં તોફાન થયું અને વહાણો આડા માર્ગે ચડતાં કાળકૂટ નામના એક બેટ પાસે જઈ પહોંચ્યા.

અહીં વહાણો ચલાવવાનો રસ્તો નહિ હોવાથી તેને ત્યાં જ છોડી દીધાં અને પોતે કાળકૂટ દ્વીપમાં જઈ પાંચસો ગાડાં લઈ, તેમાં પોતાનો માલ ભરી જમીન માર્ગે નગર તરફ આવવા નીકળ્યો. ત્યાં રસ્તામાં ચોર લોકોએ એ ગાડાં લૂંટી લીધાં અને તેને નગ્ન હાલતમાં રસ્તામાં રખડતો મૂકી દીધો. તે જેમ તેમ કરીને ઘરે પહોંચ્યો. પછી પોતાનો ધનભંડાર ખોલ્યો તો તેમાં ધનની જગાએ સાપ, વીંછી, કાનખજૂરા વગેરે જોવામાં આવ્યા. આથી તે કલ્પાંત કરવા લાગ્યો. જ્યારે અશુભ કર્મનો ઉદય થાય છે, ત્યારે મનુષ્યનાં માથે કોઈ કષ્ટ પડવામાં બાકી રહેતી નથી. એક વખતનો માલેતુજાર નગરશેઠ હવે એક સામાન્ય મનુષ્ય બની ગયો અને તેના દિવસો દુઃખમાં પસાર થવા લાગ્યા.

કાલાંતરે એ નગરમાં શ્રી જયઘોષ નામના આચાર્ય ભગવંત પધાર્યા. તેમની દેશના સાંભળવા આખું નગર ઉમટ્યું. એ વખતે આ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સુરદત્ત શેઠ પણ ત્યાં ગયો અને તેણે આચાર્ય ભગવંતની દેશના સાંભળી. આથી તેને ઘણી પ્રસન્નતા થઈ. બધા ગયા પછી તેણે ગુરુ મહારાજ સાથે ધર્મ સંબંધી કેટલોક વાર્તાલાપ કર્યો અને જીવનાં સ્વરૂપ વગેરેથી માહિતગાર થયો. પછી તેણે ગુરુ-મહારાજને વિનંતિ કરી કે : 'હે પ્રભો ! અશુભ કર્મના ઉદયથી મારું સર્વસ્વ નાશ પામ્યું છે, તો આપ કૃપા કરીને મને કોઈ એવી આરાધના બતાવો, જેથી મારાં અશુભ કર્મનો નાશ થાય.'

ગુરુએ તેમને પોષદશમીનું આરાધન બતાવ્યું અને તેનો સર્વ વિધિ જણાવ્યો. શેઠે તેનો સ્વીકાર કર્યો અને પોતાનાં ઘરે પાછો આવ્યો. પછી તેણે ગુરુના કહ્યા મુજબ વ્રતની આરાધના શરૂ કરી.

જ્યાં આ વ્રત પૂરું થવા આવ્યું ત્યાં કાળકૂટ દ્વીપમાં ફસાઈ પડેલાં વહાણો પવનની અનુકૂળતાએ કરી પોતાની મેળે શેઠનાં નગરમાં આવ્યાં. આ હકીકત માણસોએ શેઠને પહોંચાડી અને તેથી શેઠ-શેઠાણી ખૂબ આનંદ પામ્યાં. પછી શેઠે ધનભંડાર ખોલ્યો તો તે સોનૈયાંથી ભરપૂર હતો. આગળ જે ક્રોડો સોનૈયા સાપ, વીંછી અને કાનખજૂરા થઈ ગયા હતા, તે વ્રતના પ્રભાવે પાછા સોનૈયા થઈ ગયા હતા. આથી શેઠ પૂર્વવત્ ધનવાન બની ગયો અને તેની નગરશેઠની પદવી પણ પાછી મળી. આ જોઈ સર્વ લોકો ધર્મની પ્રશંસા કરવા લાગ્યા.

પછી સુરદત્ત શેઠે જૈન ધર્મ અંગીકાર કર્યો. એકદા એ નગરમાં શ્રી સુખેન્દ્ર નામના આચાર્ય ભગવંત પધારતાં આ શેઠ તેમની દેશના સાંભળવા ગયો. ત્યાં પોષદશમી વ્રતનો ઉદ્યાપનવિધિ પૂછ્યો એટલે ગુરુએ કહ્યું : 'હે શ્રેષ્ઠિન્ ! આ વ્રતનાં ઉદ્યાપનમાં દશ પૂંઠા, દશ પુસ્તકો બાંધવાના રૂમાલો, દશ નવકારવાળી, દશ ચંદરવા, દશ નીલમણિ અને દશ પંચધાતુના પ્રતિમાજી એ પ્રમાણે દર્શન, જ્ઞાન અને ચારિત્રનાં સર્વ ઉપકરણો દશ દશ મૂકવાં.'

ગુરુ મહારાજનાં મુખેથી આ વિધિ જાણી તેણે ભવ્ય ઉદ્યાપન (ઉજમણું) કર્યું, બાદ ચારિત્ર લઈ છઠ્ઠ—અઠ્ઠમની તપશ્ચર્યા કરતાં કાલધર્મ પામી દશમા દેવલોકે ઉત્પન્ન થયો. ત્યાંથી ચ્યવીને તે મહાવિદેહ ક્ષેત્રનાં પુષ્કલાવતી વિજયમાં રાજકુમાર તરીકે ઉત્પન્ન થઈ, વૈરાગ્ય પામી, સંયમનું પાલન કરતાં કેવલજ્ઞાનની પ્રાપ્તિ કરશે અને મોક્ષે જશે.

*(જૈન પર્વ પુસ્તકમાંથી જનહિતાર્થે સાભાર)*

## સાભાર સ્વીકાર

પૂજ્ય આચાર્યશ્રી વિજયશીલચંદ્રસૂરિશ્વરજી મ. સા. દ્વારા નીચે મુજબના પુસ્તકો આ સભાને સપ્રેમ ભેટ સ્વરૂપે પ્રાપ્ત થયેલ છે. (૧) નમું ગુરુ નેમિસૂરિ સંસારમાં (૨) સમરું પલ પલ સુવ્રતનામ (૩) નંદનવન કલ્પતરૂ ભાગ-૧ (૪) નંદનવન કલ્પતરૂ ભાગ-૨ (૫) અનુસંધાન (૬) નંદનવન કલ્પતરૂ ભાગ-૩ (૭) ગ્રંથત્રયી (૮) શ્રી ભરત બાહુબલી મહાકાવ્ય (૯) પ્રગતિના પંથે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

With Best Compliments From :

# SHAH Electricals

AUTHORISED DISTRIBUTORS

| | | |
|---|---|---|
| **VINAY** | **REFLEX** | **METRO POWER** |
| ELECTRICAL GOODS | Wire & Cable | Minolta Fittings |
| **COZY** | **JENI** | **CROWN** |
| Unbreakable Accessories | Chowk - Patti | Water Pumpset |
| **SURYA** | **SUPER-WIZ** | **JUG-MUG** |
| Lamps-Tubes | Universal Instant Adhesive | Lamps-(Fancy) |
| **SONAL** | **CUTE** | **ENCORE** |
| Bopp Adhesive Tapes | Modular Range | Mixer-Grinder |
| **BAJAJ** | **MYSORE** | **CORD LESS BELL PHONES** |
| Instant Geyser | Lamps - Tubes & Luminaires | |

Mota Faliya, Nanbha Street, BHAVNAGAR-1 ✆ : O. 421705, R. 510921 FAX : 421250

**દવા લીધા વિના ટોનીક લેવા જનારો દર્દી, જેમ દર્દને**
**રવાના કરવામાં સફળતા પામતો નથી.**
**તેમ**
**જીવમાત્ર પ્રત્યે પ્રેમ કેળવ્યા વિના પરમાત્માની ભક્તિ**
**શરૂ કરી દેનારો સાધક, દોષનાશ કરવામાં સફળતા પામતો નથી.**

With Best Compliments From :

# Unique Agencies

**PHARMACEUTICAL DISTRIBUTORS**

J.A.S. BUILDING, KHARGATE, BHAVNAGAR-364001 (GUJARAT)

PH. (0278) O. 432118, 430443 R. 436708, 422983

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર

# પરિપત્ર

## સામાન્ય સભાની મીટીંગ

સુજ્ઞ સભાસદ બંધુઓ–બહેનો,

આ સભાના સભ્યોની સામાન્ય સભાની બેઠક નીચેના કાર્યો માટે સંવત ૨૦૫૭ ના પોષ શુદ ૫ ને રવિવાર તા. ૩૧-૧૨-૨૦૦૦ના રોજ સવારના ૧૦-૩૦ કલાકે શ્રી આત્માનંદ ભુવનમાં શેઠ શ્રી ભોગીલાલ લેકચર હોલમાં મળશે, તો આપને હાજર રહેવા વિનંતી છે.

(૧) તા. ૨૬-૧૨-૯૯ ના રોજ મળેલી સામાન્ય સભાની બેઠકની કાર્યવાહીની શુદ્ધ નોંધ મંજુર કરવા.

(૨) તા. ૩૧-૩-૨૦૦૦ સુધીના આવક-ખર્ચના હિસાબ તથા સરવૈયા મંજુર કરવા. આ હિસાબ તથા સરવૈયા વ્યવસ્થાપક સમિતિએ મંજુર કરવા માટે ભલામણ કરેલ છે. સભ્યોને જોવા માટે તે સભાના ટેબલ ઉપર મુકેલ છે.

(૩) તા. ૧-૪-૨૦૦૦ થી તા. ૩૧-૩-૨૦૦૦ સુધીના હિસાબ ઓડિટ કરવા માટે ઓડીટરની નિમણૂંક કરવા તથા તેનું મહેનતાણું નક્કી કરી મંજૂરી આપવા.

(૪) પ્રમુખશ્રીની મંજુરીથી મંત્રીશ્રીઓ રજૂ કરે તે.

લિ. સેવકો

તા. ૧૬-૧૨-૨૦૦૦
ભાવનગર

હિંમતલાલ અનોપચંદ મોતીવાળા
ચીમનલાલ વર્ધમાન શાહ
ભાસ્કરરાય વ્રજલાલ વકીલ
માનદ્ મંત્રીઓ

તા. ક. (૧) આ બેઠક કોરમના અભાવે મુલતવી રહેશે તો તે જ દિવસે બંધારણની કલમ ૧૧ અનુસાર અર્ધા કલાક પછી ફરી મળશે અને વગર કોરમે પણ ઉપરની કાર્યવાહી શરૂ કરવામાં આવશે.

(૨) ૧૯૯૯-૨૦૦૦ના ઓડીટેડ હિસાબો સભાના ઓફીસ સમયં દરમ્યાન તા. ૧૭-૧૨-૨૦૦૦ થી ૩૦-૧૨-૨૦૦૦ સુધીમાં મેમ્બરો જોઈ શકશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Shree Atmanand Prakash ❑ નવેમ્બર ડિસેમ્બર : ૨૦૦૦ ❑ Regd. No. GBV 31

ते पराक्रमिमूर्धन्या बाह्यान्तर्जीवनोज्ज्वलाः।
पवित्रजीवनज्योतिर्वितन्वन्ति पदे पदे॥

卐

બાહ્ય અને અન્તર જીવનમાં ઉજ્જવલ એવા તે મહાપરાક્રમી મહાપુરુષો પોતાના પવિત્ર જીવનની પવિત્ર જ્યોતને પગલે પગલે પ્રસરાવતા હોય છે. ૧૪

卐

The greatest of the valorous whose outer as well as inner lives are pure, spread their bright light of life at their every step.

*(કલ્યાણભારતી ચેપ્ટર-૪, ગાથા-૧૪, પૃષ્ઠ ૫૮)*

卐

प्रति,

FROM :
**શ્રી આત્માનંદ પ્રકાશ**
ઠે. શ્રી જૈન આત્માનંદ સભા,
ખારગેઈટ, ભાવનગર-૩૬૪૦૦૧

**તંત્રી :** શ્રી પ્રમોદકાન્ત ખીમચંદ શાહ

**મુદ્રક અને પ્રકાશક :** 'શ્રી જૈન આત્માનંદ સભા, વતી શ્રી પ્રમોદકાંત ખીમચંદ શાહએ સ્મૃતિ ઓફસેટ, જૈન વિદ્યાર્થી ગૃહ કંપાઉન્ડ, સોનગઢ-૩૬૪૨૫૦માં છપાયેલ છે અને શ્રી જૈન આત્માનંદ સભા, ખારગેઈટ, ભાવનગરથી પ્રસિદ્ધ કરેલ છે.'

For Private And Personal Use Only